RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 144* Date: 15.03.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વિરોધ છતાં સરકારની જીદ ચાલુ :

# ભક્તોને પ્રિય મોહનથાળનો પ્રસાદ અને સરકારને પ્રિય ચીકીનો વેપાર ચાલુ રહેશે

## મંદિરના વહીવટદારો સાથે સરકારની બેઠક બાદ નિર્ણય

અંબાજી,તા.૧૪

શક્તિપીઠ અંબાજીમાં ચાર માર્ચથી મોહનથાળ બંધ કરી ચીકી આપવાની શરૂઆત થતા જ શ્રદ્ધાળુઓ, સાધુ-સંતો, મંદિરના ભટ્ટજી, દાંતાના મહારાજથી લઈ વિપક્ષ કોંગ્રેસ પણ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. આ વિવાદ વચ્ચે ગાંધીનગર ખાતે અંબાજી મંદિરના વહીવટદારોને બોલાવીને સરકાર દ્વારા બેઠક કરવામાં આવી હતી. બેઠક બાદ સરકારે ચીકીને પ્રસાદમાં ઘૂસાડી દીધી છે. ભક્તોને પ્રસાદમાં પ્રિય મોહનથાળ છે. છતાં સરકારે બંનેને પ્રસાદ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહીં મોહનથાળની ક્વોલિટી સુધારવામાં આવશે તેવું બેઠક બાદ નક્કી કરાયું છે.મા અંબાના ભક્તો તો ત્યાં સુધી કહે છે કે, જેલમાં પૂરી દો પણ અમારે ચીકી નહીં જોઈએ. જો કે આમ છતાં સરકાર પોતાના નિર્ણય પર અડગ છે અને આસ્થાને બદલે ચીકીના ફાયદા ગણાવવામાં વ્યસ્ત છે.

સરકારના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે તો ચીકીની પેરવી કરતા કહ્યું કે, અંબાજી ખાતે શ્રદ્ધાળુની લાગણીને ધ્યાને રાખીને પૌષ્ટિક-સ્વાસ્થ્યપ્રદ ચિક્કીનો પ્રસાદ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તા. ૦૧/૦૩/૨૦૨૩થી શરૂ કરવામાં આવ્યો છે અને મોહનથાળ બંધ કરવામાં આવ્યો છે. વિશ્વભરમાંથી શ્રદ્ધાળુઓ અંબાજી ખાતે 'માં અંબા'ના દર્શનાર્થે આવતા હોય છે. જેઓ પોતાના વતનમાં 'મા અંબા'નો પ્રસાદ લઈ જવા ઈચ્છતા હોય છે. આ પ્રસાદ સૂકો અને વધુ સમય સુધી રહે તેવી માગણી





શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતી હોય છે. તો બીજી તરફ શ્રદ્ધાળુઓ મોહનથાળનો પ્રસાદ રાખવા જ અડગ છે.લાખોની લોકોની શ્રદ્ધાની પરવા કર્યા વિના જ મોહનથાળને બદલે ચીકી શરૂ કરવાનો નિર્ણય તો થઈ ચૂક્યો છે અને વિરોધીઓને વિરોધ બંધ કરવા માટે દબાણ પણ કરવામાં આવી રહ્યું છે. માત્ર એટલું જ નહીં, આ મામલો હવે હાઈકોર્ટમાં પણ પહોંચવાની તૈયારીમાં છે. તાજેતરમાં જ અંબાજી મંદિરના પૂર્વ ટ્રસ્ટી અને દાંતા રાજવી પરિવારના પરમવીરસિંહે જણાવ્યું હતુ કે, આ મામલે સરકાર જો યોગ્ય નિર્ણય નહીં લે તો તેઓ હાઈકોર્ટ પણ જવા તૈયાર છે અને અંબાજી મંદિર સુધી વિશાળ રેલીનું પણ પણ આયોજન કરવામાં આવશે.રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે મોહનથાળના પ્રસાદને યથાવત રાખવાની જાહેરાત કરી હતી. ઋષિકેષ પટેલે કહ્યું કે, કેટલાક ભક્તોની ફરિયાદ હતી કે મોહનથાળમાં ફૂગ આવતી હતી, તે લાંબો સમય રહેતો નથી. પરંતુ ભક્તોના વિરોધ બાદ હવે મોહનથાળનો પારંપરિક પ્રસાદ ચાલુ જ રહેશે. મોહનથાળની ક્વોલિટીમાં સુધારો કરવામા આવશે. તેની સાથે જ વધારામાં સુખડીનો પ્રસાદ પણ ઉમેરાશે.

મંદિરના મુખ્ય ભટ્ટજીએ કહ્યું કે, અંબાજી મંદિરમાં મોહનથાળનો પારંપરિક પ્રસાદ ચાલુ રહેશે. માવા અને સિંગની સુખડી પણ ચાલુ રહેશે. પ્રસાદ તાત્કાલિક શરૂ કરવામાં આવશે. મોહનથાળ પ્રસાદ બંધ કરવાના નિર્ણય અંગે અમને ધ્યાન નથી. તો મંત્રી ઋષિકેષ પટેલે કહ્યું કે, આસ્થા એ વિશ્વાસ સાથે જોડાયેલો વિષય છે. મોહનથાળ ૩૫ -૩૭ વર્ષની મંદિરની પ્રસાદ વ્યવસ્થાનો ભાગ હતો. મોહનથાળની ગુણવત્તા અંગે જે સૂચનો અને ફરિયાદ મળી એ બાદ ફેરફાર કરાયો હતો. હવે ગુણવત્તા મામલે જે સૂચનો મળ્યા છે એ મુજબ યોગ્ય ગુણવત્તા જળવાય એ મુજબ કરીશું.

ચીકીના ફાયદા ગણાવવામાં વ્યસ્ત અને આસ્થાને અવગણી રહેલી સરકારે આ વિરોધને ડામવાની પણ તૈયારીઓ કરી લીધી છે. વિવિધ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન અને ધરણાં કરવામાં આવી રહ્યા છે. ત્યારે હવે અંબાજી મંદિરના ગેટ નંબર ૭ પર જાહેરનામું લગાવવામાં આવ્યું છે. જેમા કડક સૂચનોનુ પાલન કરવાનુ થશે. અંબાજી મંદિરના સાત નંબરના ગેટ પર લગાવેલા જાહેરનામામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, ૧૦ માર્ચથી ૨૪ માર્ચ સુધી કોઈપણ જાતની પૂર્વ મંજૂરી વિના ઉપવાસ, ધરણાં, રેલી યોજી શકાશે નહીં.

મોહનથાળનું નાનું પેકેટ રૂ. ૧૮માં મળે છે. અંબાજીમાં આશરે રૂ. વીસ કરોડનો મોહનથાળનો પ્રસાદ વેચાય છે. હવે ત્યાં ચીકી વેચવાનું શરૂ થયું છે. એક ચીકીનું પેકેટ રૂ. ૨૫માં વેચાય છે. એક પેકેટમાં ચાર ચીકી હોય છે, જેનું બજાર મૂલ્ય રૂ. સાત-આઠ છે. ચીકીથી કમાણી વધુ થાય છે અને મોહનથાળનો પ્રસાદ હોય તો આ કમાણી વધી ના શકે.ઋષિકેશ પટેલના નિવેદનથી વિશ્વ હિન્દુ પરિષદ છંછેડાયું છે. અંબાજીમાં વિહિપના કાર્યકરોએ પ્રતીક આંદોલન કર્યું હતું. પરિષદના ગુજરાત પ્રમુખ અશોક રાવલે કહ્યું કે, જૂના મંત્રીઓને કાઢીને નવા મંત્રીઓ આવ્યા છે અને તેઓ એમ સમજે છે કે અમે સુપર પાવર છીએ. આજે તેઓ મનફાવે તેમ બોલે છે. તેઓની ચૂંટણી જીતવાની હેસિયત નથી. ચૂંટણી માંડ માંડ જીત્યા છે. નરેન્દ્ર મોદીના નામે જ સત્તા છે. સામાન્ય જનતાની લાગણી અંગે વિચાર કરવો જોઇએ. નહીં તો સરકારનું ધનોતપનોત નીકળી જશે.

### ભાજપ કમલનાથનો ગઢ છિંદવાડાને છીનવવાની તૈયારીમાં

## ગત લોકસભા ચુંટણીમાં ભાજપે રાજયની ૨૯માંથી ૨૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી

ભોપાલ,તા.૧૪

મધ્યપ્રદેશમાં ભાજપ સત્તામાં છે પરંતુ તેના માટે કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ કમલનાથનો ગઢ છિંદવાડા હજુ પણ પડકાર બનેલ છે.આથી પાર્ટી હવે કમલનાથને છિંદવાડામાં જ નબળા પાડવાનો પ્રયાસમાં લાગી છે પાર્ટીની રણનીતિ અનુસાર હવે આ વિસ્તારના કાર્યકર્તાઓમાં જોશ ભરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવી રહ્યાં છે.

ગત લોકસભા ચુંટણીમાં ભાજપને રાજયની ૨૯માંથી ૨૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી પરંતુ છિંદવાડા એક એવો સંસદીય વિસ્તાર છે જયાં ભાજપ જીત હાંસલ કરી શકી ન હતી.ભાજપને એ વાત સતત પરેશાન કરતી રહે છે આખરે તે છિંદવાડામાં એંસીના દાયકા બાદ ફકત એક પ્રસંગને છોડી સતત હારતી રહી છે.છિંદવાડા અને તેની આસપાસનો વિસ્તાર આદિવાસી બહુમતિવાળો છે અને અહીં કોંગ્રેસ ખુબ જ મજબુત છે આ વાત ભાજપ જાણે છે આજ કારણ છે કે ગત ચુંટણીમાં પણ ભાજપ છિંદવાડા સંસદીય વિસ્તારની સાત વિધાનસભા બેઠકોમાંથી એક પણ સ્થાન પર જીત હાંસલ કરી નહીં ભાજપને વર્ષ ૨૦૧૮ની વિધાનસભા ચુંટણીમાં સત્તાથી બહાર થવું પડયું પરંતુ જયારે કોંગ્રેસમાં તુટ થઇ અને ભાજપની સત્તામાં પાછી ફરી તો તેણે તમામ પ્રયાસ છિંદવાડા સંસદીય વિસ્તારમાં પોતાની તાકાત વધારવામાં લાગી ગઇ

છિંદવાડા જીલ્લાના પ્રભારી મંત્રી કમલ પટેલની સતત સક્રિયતા આ વિસ્તારમાં બનેલ છેજયારે ભાજપ રાષ્ટ્રીય નેતૃત્વનું પણ ધ્યાન આ વિસ્તાર પર છે કુલ મળી ભાજપનો પ્રયાસ છે કે આગામી વિધાનસભા ચુંટણી અને ત્યારબાદ લોકસભા ચુંટણીમાં તે પોતાની શક્તિને આ વિસ્તારમાં વધારવામાં સફળ થાય.આ જ ક્રમમાં પાર્ટીના મુખ્ય નેતાઓમાં સામેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૫ માર્ચે છિંદવાડા આવી રહ્યાં છે તે અહીં કાર્યકર્તાઓની બેઠક લેશે અને રેલીમાં પણ સામેલ થનાર છે.કુલ મળી ભાજપ કમલનાથને તેમના જ ગઢ છિંદવાડામાં નબળા કરવાના અભિયાનમાં લાગી ગઇ છે.

## બોરવેલમાં પડેલા માસૂમનો જીવ બચાવવા ૯ કલાકની જહેમત, છતાં જીવ ન બચાવી શકાયો


મુંબઇ,તા.૧૪

મહારાષ્ટ્રના અહમદનગરમાં પાંચ વર્ષનો છોકરો બોરવેલમાં પડી ગયો. માહિતી મળતા જ રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કાર્યમાં લાગી ગઈ હતી. પરંતુ નવ કલાકની મહેનત બાદ પણ બાળકનો જીવ બચાવી શકાયો ન હતો. આપને જણાવી દઈએ કે, રમતા રમતા બાળક ૧૫ ફૂટ ઊંડા બોરવેલમાં ફસાઈ ગયું હતું. અહમદનગરના કોપરડી ગામની આ ઘટના છે.ડિઝાસ્ટર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતુ કે બાળક સોમવારે સાંજે લગભગ ૪ વાગ્યે બોરવેલમાં પડી ગયુ હતુ. ત્યારે કોઈએ ફોન કરીને ઘટનાની જાણ કરી હતી. એનડીઆરએફની ૪ ટીમ બાળકને બચાવવામાં લાગી ગઈ હતી. અધિકારીઓ ઉપરથી બાળક સાથે વાત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ,બાળક કોઈ જવાબ આપતો ન હતો. જાણકારી મુજબ બાળક સાંજે રમી રહ્યો હતો, તે દરમિયાન તે લપસીને બોરવેલમાં પડી ગયો. અધિકારીઓએ જણાવ્યું કે આરોગ્ય કર્મચારીઓની એક ટીમ પહેલાથી જ બાળકની મદદ માટે તૈયાર હતી. બાળકને બોરવેલમાંથી બહાર કાઢતાં જ તેની તબિયતની તપાસ કરવામાં આવી હતી. પરંતુ, તે પહેલા જ તે મૃત્યુ પામ્યો હતો. જેસીબી મશીનની મદદથી બોરવેલની આજુબાજુની માટી કાઢવામાં આવી હતી.બીજી તરફ બાળકના મોત બાદ પરિવારજનોમાં આક્રંદ જોવા મળી રહ્યો છે.આ પહેલા ઉત્તર પ્રદેશના હાપુડમાં પણ આવી જ એક ઘટના સામે આવી હતી. થોડા દિવસો અગાઉ છ વર્ષનો છોકરો ૪૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડ્યો હતો. જો કે રેસ્ક્યુ ટીમે તેને સુરક્ષિત બચાવી લીધો હતો. બીજી તરફ મધ્યપ્રદેશના બેતુલમાં પણ આઠ વર્ષનો બાળક બોરવેલમાં આવી જ રીતે પડી ગયો હતો. આઠ વર્ષના બાળકનું નામ તન્મય સાહુ હતું. રેસ્ક્યુ ટીમે શક્ય તમામ પ્રયાસ કર્યા હતા, પરંતુ બાળકને બચાવી શકાયો નહોતો.

## કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્ર સિંહ કલવીનું નિધન, હાર્ટ અટેકના કારણે મોત

જયપુર,તા.૧૪

શ્રી રાજપૂત કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્ર સિંહ કાલવીનું સોમવારે મોડી રાતે જયપુરની એસએમએસ હોસ્પિટલમાં નિધન થઈ ગયું છે. કાલવીનુ મોત હાર્ટ અટેકના કારણે થયું હોવાનું કહેવાય છે. લોકેન્દ્ર કાલવી લાંબા સમયથી બીમાર હતા. જૂન ૨૦૨૨માં બ્રેન સ્ટ્રોક થયો હતો. જે બાદ તેમની સારવાર ચાલી રહી હતી. આપને જણાવી દઈએ કે, અંતિમ દર્શન માટે રાજપૂત સભા ભવન જયપુરમાં તેમના પાર્થિવ દેહને રાખવામાં આવશે. જે બાદ કાલવીના અંતિમ સંસ્કાર નાગૌર



જિલ્લાના તેમના પૈતૃક ગામમાં મંગળવારે બપોરે ૨.૧૫ કરવામાં આવશે.પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, બ્રેન સ્ટ્રોક આવ્યા બાદ લોકેન્દ્ર સિંહ કલવીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. જૂન ૨૦૨૨ બાદથી તેમની સારવાર ચાલી રહી હતી. કરણી સેનાની સ્થાપના કરનારા લોકેન્દ્ર સિંહ કલવી કેટલાય વર્ષથી પોતાના સમાજના હિત અને માગને લઈને ચર્ચામાં રહેતા હતા. લોકેન્દ્ર સિંહ કલવી કેટલાય મુદ્દા પર મોટા ભાગે ચર્ચામાં બન્યા રહેતા હતા. ખાસ કરીને રાજપૂત સમાજની અસ્મિતાને લઈને તેઓ ખૂબ જ સજાગ અને સૌથી આગળ રહેતા. આપને જણાવી દઈએ કે, લોકેન્દ્ર સિંહ કલવીના પિતા કલ્યાણ સિંહ કલવી થોડા સમય માટે રાજ્ય અને કેન્દ્રમાં મંત્રી પણ રહ્યા હતા.લોકેન્દ્ર સિંહ કલવી સામાજિક મુદ્દાની સાથે રાજનીતિમાં પણ એક્ટિવ રહેતા હાત. તેમણે નાગૌરથી લોકસભા ચૂંટણી પણ લડ્યા હતા. જો કે, આ ચૂંટણીમાં તેમણે હાર મળી હતી.

## કોરોનાકાળમાં કેન્દ્રીય કર્મચારીઓનું રોકાયેલ ડીએ નહીં મળે

નવીદિલ્હી,તા.૧૪

કોરોના મહામારી દરમિયાન રોકવામાં આવેલ કેન્દ્રીય કર્મચારીઓનું અઢાર મહિનાના મોંઘવારી ભથ્થા અથવા ડીએ નહીં આપવામાં આવે. લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં સરકારે આ જાણકારી આપી છે. તેનાથી સરકારને ૩૪,૪૦૨.૩૨ કરોડ રૂપિયા બચશે. જેનો ઉપયોગ મહામારીથી ઉબરવામાં કર્યો છે.હકીકતમાં જોઈએ તો, કોરોના કાળમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થા અને મોંઘવારીની રાહતના ત્રણ હપ્તા નથી આપ્યા. જાન્યુઆરી ૨૦૨૦, જૂલાઈ ૨૦૨૦ અને જાન્યુઆરી ૨૦૨૧નું મોંઘવારી ભથ્થા અને મોંઘવાર રાહત નથી આપી. સરકારે સ્પષ્ટીકરણ આપતા કહ્યું કે, હાલના સમયમાં બજેટ ખોટ ફ્લઈમ્સ્ છર્જની જોગવાઈની સરખામણીમાં બેગણી છે, એટલા માટે આ ડીએ આપવાનો પ્રસ્તાવ નથી.સરકારનું કહેવું છે કે, કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનધારકોના મોંઘવારી ભથ્થાના ત્રણ હપ્તા રોકવાનો નિર્ણય ૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ કોરોનાકાળ દરમિયાન લેવામાં આવ્યો હતો.

## મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી સુભાષ દેસાઈના પુત્ર ભૂષણ દેસાઈ એકનાથ શિંદે જૂથમાં સામેલ થઈ ગયા


મુંબઇ,તા.૧૪

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને ફરી એકવાર ઝટકો લાગ્યો છે. ઉદ્ધવ ઠાકરે જૂથના મોટા નેતાએ ઠાકરે જુથને અલવિદા કહી દીધુ છે. મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી સુભાષ દેસાઈના પુત્ર ભૂષણ દેસાઈ એકનાથ શિંદે જૂથમાં સામેલ થઈ ગયા છે. મહત્વનું છે કે સુભાષ દેસાઈ ઘણા વર્ષોથી ઉદ્ધવ ઠાકરે જુથમાં જોડાયેલા વિશ્વાસુ નેતા હતા. હવે તેમણે ઉદ્ધવ ઠાકરેને છોડીને એકનાથ શિંદે સાથે હાથ મિલાવ્યા છે. ઉદ્ધવ ઠાકરે જૂથ માટે આ મોટું નુકસાન માનવામાં આવી રહ્યું છે.પૂર્વ મુખ્યમંત્રીના પુત્ર આદિત્ય ઠાકરેએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું હતુ કે, "ભૂષણ દેસાઈ ઉદ્ધવના જૂથ સાથે ન હતા. સુભાષ દેસાઈ એક મોટા ગજાના નેતા છે. અમે તેમના માર્ગદર્શનને અનુસરીએ છીએ.આ સાથે કટાક્ષ કરતા કહ્યું હતુ કે જેને જયાંજવું હોય તેણે જવુ જોઈએ.આપને જણાવી દઈએ કે, ગયા મહિને ચૂંટણી પંચે શિંદેના નેતૃત્વવાળા જૂથને શિવસેનાનું નામ અને તેમની પાર્ટીને ધનુષ અને તીરનું પ્રતીક આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શિંદેએ ગયા વર્ષે ભાજપ સાથે જોડાણ કરીને ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો હતો. આ પછી જ તેઓ ભાજપના સમર્થનથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા. તો આ તરફ આદિત્ય ઠાકરેએ ચૂંટણી પંચની નિંદા કરી છે. આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળના જૂથને શિવસેના તરીકે ઓળખવાનો અને તેને ધનુષ અને તીરનું ચૂંટણી પ્રતીક ફાળવવાનો તેમનો નિર્ણય લોકશાહી માટે જોખમી છે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# વધુ એક વાયરસ



કોરોના મહામારી તો લગભગ કાબૂમાં આવી ગઈ છે, પરંતુ બીજી બીમારીઓ પીછો નથી છોડી રહી. ભારતમાં હરિયાણા અને કર્ણાટકમાં એચ૩એન૩ વાયરસને કારણે પહેલી વાર બે મોત નોંધાયાં. સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ અનુસાર, કર્ણાટકના પીડિત વ્યક્તિને તાવ, ગળામાં સોજો અને ખાંસી હતી અને તેનામાં ઈન્ફલુએન્ઝા જેવી બીમારીનાં લક્ષણો હતાં. ગત શુક્રવાર સુધીમાં તો આ વાયરસથી પીડિતોની સંખ્યા લગભગ ૧૦૦ સુધી પહોંચી ગઈ. તેમાં શંકા નહીં કે દેશમાં ફ્લૂ જેવા વાયરસના વધતા કેસો ચિંતાનું કારણ બનતા જાય છે. મોટાભાગે આ સ્વાઈન ફ્લૂ જેવો વાયરસ છે. એચ૩એન૨ એક બિન-માનવ ઈન્ફલુએન્ઝા વાયરસ છે, જે સામાન્ય રૂપે સૂવરોમાં પહેલાં ફેલાય છે અને પછી મનુષ્યોને ચેપ લગાડે છે. હાલમાં એચ૩એન૨ બીમારીની ગંભીરતા સિઝનલ ફ્લૂ જેવી જ છે. તેના લક્ષણોમાં તાવ, શ્વસન સંબંધી સમસ્યાઓ જેમ કે ખાંસી, નાક વહેવું, શરીરમાં દર્દ, ઉલ્ટી કે ઝાડા સહિત અન્ય લક્ષણો સામેલ છે. આ લક્ષણો સામાન્ય રીતે એક અઠવાડિયા સુધી માનવ શરીરમાં રહી શકે છે. આ બીમારીથી બચવા માટે પણ વારંવાર હાથ ધોવાની જરૂર પડે છે. જો આ બીમારી વધુ ફેલાશે તો કોરોના સમયે જે સાવધાની રાખતા હતા, તે પાછી રાખવી પડશે.

એકંદરે ફરીથી રોગ પ્રતિકારક શક્તિ વધારવાની જરૂર ઊભી થઈ છે. રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે જે પણ ઉપાય શક્ય છે તે કરવામાં વાંધો નહીં. કોરોના કેસોના બહુ ઘટી ગયા બાદ લોકોમાં સાવધાનીનું સ્તર પણ ઘટી ગયું છે, જ્યારે ફ્લૂથી સાવધાન રહેવું જરૂરી છે. વિશેષ રૂપે જે લોકો પહેલેથી જ કોઈ બીમારીથી પીડિત છે તેમણે વધુ સતર્ક રહેવાની જરૂર છે. ભારતમાં ફ્લૂ રસીકરણને પણ વધારવાની જરૂર છે. પહેલાંના સમયમાં લોકો શરદી-ખાંસીને ગંભીરતાથી નહોતા લેતા, પરંતુ આ બીમારીઓ વારંવાર ઈશારો કરી રહી છે કે આપણે હવે સ્વસ્થ જીવન માટે શરદી-ખાંસીથી પણ સાવધાન રહેવું પડશે. હવામાન વારંવાર બદલાઈ રહ્યું છે, તેને કારણે પણ સતર્કતા સમયની માંગ છે. કોરોના અને લોકડાઉનને ભોગવી ચૂકેલી સરકાર ફક્ત સલાહ જ આપી શકે છે, પરંતુ હોસ્પિટલોમાં બચાવ અને સારવારની વ્યવસ્થા પૂરી હોવી જોઈએ. એ આશંકા પહેલેથી જ વ્યક્ત કરવામાં આવી હતી કે સમયે સમયે આવી ચેપી બીમારીઓ આવતી રહેશે. કેટલીક બીમારીઓ ગંભીર હશે, તો કેટલીક થોડા પરેશાન કરીને પસાર થઈ જશે. આ નવી બીમારી પણ થોડા દિવસની જ મહેમાન છે, પરંતુ ધ્યાન રહે કે આ અંતિમ મહેમાન નથી. સ્વાસ્થ્ય વ્યવસ્થાને ચુસ્ત રાખવી, હોસ્પિટલોમાં દવાઓની પૂરી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી, ગરીબોની સારવાર સુગમ બનાવવી, આયુષ્માન જેવી કારગત યોજનાઓને વસ્તુતઃ જમીન પર બહેતર રીતે સાકાર કરવી બહુ જ જરૂરી છે. કોઈપણ બીમારીથી ભયભીત થવાની જરૂર નથી, પોતાની જીવનશૈલી અને રહેણીકરણીને એવી બનાવવાની જરૂર છે, કે કોઈ બીમારી પાસે ન આવી શકે.

## ભોપાલ ગેસ દુર્ઘટનાઃ પીડિતોને મોટો ઝટકો,

# કંપની પાસેથી ૭૪૦૦ કરોડના વધારાના વળતરની માંગ કરતી પિટિશન ફગાવી દીધી

નવીદિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટે ભોપાલ ગેસ દુર્ઘટનાના પીડિતોને સુપ્રીમ કોર્ટે આપ્યો મોટો ઝટકો, કોર્ટે યુનિયન કાર્બાઇડ કંપની પાસેથી ૭૪૦૦ કરોડના વધારાના વળતરની માંગ કરતી કેન્દ્રની ક્યુરેટિવ પિટિશનને ફગાવી દીધી છે.

કેન્દ્રની અરજીને ફગાવતા કોર્ટે ભોપાલ ગેસ દુર્ઘટનાના પીડિતોને વળતરમાં ઘોર બેદરકારી માટે ઠપકો આપ્યો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આરબીઆઈ પાસે પડેલી રૂ. ૫૦ કરોડની રકમનો ઉપયોગ ભારત સરકાર બાકી રહેલઆ દાવાઓને પહોંચી વળવા માટે કરશે.જણાવી દઈએ કે યુનિયન કાર્બાઇડ કોર્પોરેશને ભોપાલમાં ગેસ દુર્ઘટના બાદ ૪૭૦ મિલિયન યુએસ ડોલરનું વળતર આપ્યું હતું પણ પીડિતોએ વધુ વળતરની માંગણી કરતાં કોર્ટનો સંપર્ક કર્યો હતો. નોંધનીય છે કે કેન્દ્રએ ૧૯૮૪ની દુર્ઘટનાના પીડિતોને કંપની પાસેથી ૭,૮૪૪ કરોડ રૂપિયાના વધારાના વળતરની માંગ કરી હતી અને કેન્દ્રએ વળતર વધારવા માટે ડિસેમ્બર ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટિશન દાખલ કરી હતી.

સરકાર ઈચ્છતી હતી કે યુનિયન કાર્બાઇડ ગેસ દુર્ઘટનાના પીડિતોને આ પૈસા આપે જ્યારે યુનિયન કાર્બાઇડ કોર્પોરેશને કોર્ટમાં કહ્યું હતું કે તે ૧૯૮૯માં થયેલા કરાર સિવાય ભોપાલ ગેસ પીડિતોને વધુ પૈસા નહીં આપએ.

વરણાગી વાયરો  
પેલો વરણાગી વાયરો,  
પીટયો વરણાગી વાયરો,  
મારી સાડીપાલવને ઉડાડે,  
મુંને રોજ મારો રોયો છેડે.  
મારા કમખાની કસો તૂટે,  
તોયે મુઓ મને કયાં છોડે?  
પેલો ગુલમહોરના ડાયરો,  
કેસૂડાનો રંગારંગ ડાયરો  
મું પાણી પાણી પાણી થાવ,  
મુઓ મને આખેઆખી જકડે !!  
ભાગવાની વેળા કયા સાંપડે ?  
સંગદિલ મારા દિલને જકડે  
પેલો વરણાગી વાયરો,  
પીટયો વરણાગી વાયરો.  
ભરત વૈષ્ણવ  
૧૪.૩.૨૦૨૩.

# પ્રચંડ ગરમીના પ્રકોપને નેસ્તનાબૂદ કરવા ગરમી પર સર્જીકલ સ્ટ્રાઇક કરવાનો બેઠકમાં નિર્ણય લેવાયો !

" મિ. ગિરધરલાલ- તમે અને રાજુ રદી તાબડતોબ નવી દિલ્હી પહોંચો.ત્યાંએક અગત્યની મિટિંગ છે. તેનું એકસક્લુઝીવ રીપોર્ટિંગ કરવાનું છે. જો સારું રિપોર્ટિંગ કરશો તો બંનેને ખુશ કરી દઇશ . " બખડજંતર ચેનલના કર્તા, હર્તા, સમાહર્તા અમે નુકસાનકર્તા બોસ બાબુલાલના તેવર બદલાયા હતા. સાલ્લો ચાના કપમાં પડેલી માથી પણ કપમાં નિચોવીને ચા ગટગટાવી જાય તેવો રિયલ મખ્ખીચૂસ . એ આટલી ઉદારતા દાખવે ?? મારુ માથું ભમવા લાગ્યું. એનું ચાલે તો છકડામાં નવી દિલ્હી મોકલે અને ધર્મશાળા-સરાઇમાં રહેવાની ફરજ પાડે!! એના બદલે ફલાઇટ-ફાઇવસ્ટારમાં રહેવાની વ્યવસ્થા. નક્કી કોઇ બોકડો કત્લ કર્યો હોવો જોઇએ!! મેં એકાઉન્ટ સેકસનમાં જઇ ફલાઇટની ટિકિટ લીધી. ડેઇલી એકસપેન્સ લીધો. મિટિંગની વિગત લીધી.

હું અને રાજુ રદી નવી દિલ્હી પહોંચીને ટેકસી કરી મિટિંગના સ્થળે પહોંચ્યા.બેઠકના સ્થળે ખાસી ઉતેજના. "આવી બેઠક હોય " બધાનો ગણગણાટ . કેટલાક લોકો કોલર ઊંચો કરીને હવે એનું આવી બનવાનું એમ ઉછળી ઉછળીને કહેતા હતા.હવે ગરમીને ખબર પડશે કે સિંહ સાથે પનારો પડ્યો છે!! ગરમી ઉભી પૂંછડીએ યુક્રેન ભાગી જશે.આઝાદી મળ્યા પછી પંચોતેર વરસે ગરમી પર લગામ સાહેબ જ કસી શકે તેવી ચાંપલૂસી કરતા હતા. વિપક્ષો પદયાત્રા કરવા અને દાઢી વધારવા ( દાઢી વધારવા અને બુધ્ધિ વધારવા વચ્ચે કોઇ સહ કે વ્યસ્ત સંબંધ નથી તેમ એક મંત્રી મહોદય કહે છે!!) સિવાય કશું હકારાત્મક કામ કરતા નથી. નયા ભારતની વિકાસયાત્રામાં એવરેસ્ટ જેટલા રોડા ગબડાવે છે!!

કેટલાક લોકોને સ્થળ અને સમય વિશે કચવાટ કરતા હતા.

એક સ્થૂળકાય બાબુ બહુ ગરમી છે. "આવી ગરમીમાં ગરમી સામે લડવાની બેઠક કરવાની હોય?" એમ કહી બબડતા હતા..

" બબુવા એસન બાંતો કે વાસ્તે હિલસ્ટેશનવામે બેઠકવા કરના ચાહિબ. દિલ્લીમે બાંતા કરકે કાં ફાયદા?" યુપીના અધિકારી મહાશય ઊકળ્યા. આટલો તો ગરમીનો પારો ઊછળતો નહીં હોય!?

" અરે ચુપરાશીજી તનિક એસી કુલિંગ બઢાઇયે !!! ફરવરીમે ઇતની ગર્મી હૈ તો મે જૂન મેં કયાં હોગા? હમ સાલા જુલસ જાયેગા!!" એક આધેડ અધિકારી બોલ્યા.

એસપીજી-એનએસજીના લાવલશ્કર સાથે મદોન્મત્ત ગજરાજની અદાથી સાહેબ મિટિંગ સ્થળે પ્રવેશ્યા. સાહેબનો પ્રચંડ ગગનભેદી બોદો જયજયકાર બોલાવ્યો. કેટલાક ( અતિ)ઉત્સાહી લોકો હર ઘર મોટા સાહેબ. વંદે માતરમ, ભારત માતાકી જય પોકારતા હતા. મોગેમ્બો સોરી સોરી સાહેબ પ્રસન્ન થયા.એંકરે ચાપલૂસીની તમામ સીમાઓ અતિક્રમીને ડબલ અમૂલ બટર લગાવીને વખાણ કર્યા.વખાણ કોના હોય? સાહેબના જ હોયને!!

"મિત્રો, ગરમી એ માનવજીવનને ત્રસ્ત કરતી ગબન મહામારી છે.( સાહેબે ઇશારો કરીને ટેલિપ્રોમ્પટરના ફોન્ટ મોટા કરવા સૂચના આપી.નાના ફોન્ટ હોવાથી સાહેબ ગહનને બદલે ગબન બોલી ગયા!)સાહેબે પૂછ્યું પણ ખરું કે ગરમીને બેઠકમાં હાજર રહેવા સૂચના આપી છે?? હાજર છે કે નહીં? આપણે ભારતની તાકાતથી ગરમીને તેની ઔકાત બતાવવી પડશે ." આમ કહી સાહેબે એક હાથમાં તમાકુ-ચૂનો મસળે પછી બીજા હાથે ચૂનાવાળા હાથ પર ટપાકા મારે તેવી અદા કરી.

" સાલ્લી ગરમી તો ઉત્તર પૂર્વના રાજ્યોની ચૂંટણીમાં પણ ન હતી. એમસીડીની ચૂંટણી પછી મેયરની ચૂંટણીમાં ગરમીનું મોજું આવી ગયું.માવઠું થયા પછી વાતાવરણમાં ઠંડક પ્રસરે તેવું ટાઢોડું હતું. લોકસંભાની ચૂંટણીની દાહકતા પેટા ચૂંટણીમાં આવી ગઇ. લોકસભાની ચૂંટણીને સવા વરસની વાર છે!શ્નવી દિલ્હીમાં તો પંદર પંદર વરસથી ફૂલ એસી કરવા છતાં આપની ગરમી ઘટતી જ નથી. ગરમી ખાંસતી રહે છે. આ ગદાર ગરમીને ગોળી મારવી જ પડશે" સાહેબે ગ્લોબલ ગરમીનું એનાલીસીસ કર્યું.

" ડુંગળીના વપરાશથી પણ ગરમી વધે છે!!"લઘરવઘર વસ્ત્રધારી મહિલા મંત્રીએ કહ્યું.

" ગરમી વધારે છે. એસીનું કુલીંગ ન વધે તો રાફેલનો ફેન તો આપો. હાથ પંખાથી હવા ખાઈશું !!" રક્ષામંત્રી બોલ્યા.

" ગરમી વધી છે. મિટિંગમાં બે ગળ્યા, બે ખારા, એ ક્રિમ બિસ્કિટ અને ચા-કોફીના બદલે મુંબઇ ચોપાટીની ચિલ્ડ કુલ્ફી સર્વ કરજો " હું ખાતો નથી અને ખાવા પાર્ટીના ખાટસવાદિયા નેતા બોલ્યા.

" અહીં કલાઇમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ, ગ્રીન ગ્રોથ, વિકાસની વિનાશક અસરો વગેરે ગહન મુદા પર પાણી વલોવીને નવનીત કાઢવાની કોશિશ કરીએ છીએ અને તમને નાસ્તાની પડી છે. ધિક્કાર છે તમારી વૃકોદર વૃતિનો!!" જેમની ડાબી આંખ અકારણ લબુકઝબુક થાય છે તેવા બાબા બોલ્યા!!

" જુઓ , ભાઇઓ કામ કરવા કરતા કામ કરતા રહીએ છીએ તેવો ભ્રમ ફેલાવવો જરૂરી છે. આજકાલ કમનસીબે આપણું હવામાન ખાતું ભૂલ ભૂલમાં વરસાદ, વાવાઝોડા, પૂરની સાચી આગાહી કરતું રહ્યું છે. તેમાં એનડીઆરએફ, એસજીઆરએફ ઘંધે લાગે છે. અતિવૃષ્ટિ થાય તો સાહેબ તાડપત્રી લઇને તેમાં વાદળોને થોડા લપેટી શકવાના છે?? છોકરીઓ ગરમીથી ( વાસ્તવમાં,દુપટ્ટો પાટાના રોલની જેમ ચહેરા પર લપેટે છે. એમાં ધૂળ કે ગરમીથી બચવાનો હેતુ કરતા ચહેરો છુપાવવાનો હોય છે!!ઘણી તો રાત્રે પણ બુકાની પહેરીને એકટીવા પર ધાડ પાડવા જતી ન હોય !!) સાહેબે ધ્રુવ પ્રદેશમાં ગ્લિેસિયર ઓગળવાની ઘટનાને રોકી કાઢેલી . જો કે ગાંધીનગર હતા ત્યારે પિરાણાનો કચરાનો ડુંગર હટાવી શકેલ નહીં. જેતપુરના ડાઇ ઉધ્યોગને લીધે નદી તળાવનું થતું લાલ પાણી કે ખારીકટ કેનાલનો મુદો સોલ્વ કરી શકેલા નહીં.નાના સવાલોના જમેલામાં સાહેબ પડે તે સાહેબની વૈશ્વિક પ્રતિભાને શોભે પણ નહીં!!આવું જ કર્ણાવતી ( કર્ણાવતી દાબેલી કે કર્ણાવતી કલબની વાત નથી. નામકરણ આયોગ અસ્તિત્વમાં આવે કે અમદાવાદનું આશાપલી, આશાવળ કે કર્ણાવતી કરવાનું નગરજનોનું વેન પૂરું કરવાનું છે!!)નું છે!!

આ બેઠકમાં ચર્ચા, વિચારણા પરામર્શ થયા ગરમીના પ્રકોપ અંગે મિડીયામાં અવરનેસ, સમજૂતી, નિશાળિયાને ગરમીની અસર માટે લેકચર આપવા વગેરે સૂચન થયા. ગરમી સામે બહુપાંખિયીયા ઓપરેશન કરવા માટે નિર્ણય લેવાની તમામ સતા સાહેબને એનાયત કરાઇ. સાહેબે ન આવ, ન તાવ જોયા વગર મૂંછ પર તાવ દેતા ગરમી પર સર્જીકલ સ્ટ્રાઇક કરવાનો લશ્કરને હુકમ કરી દીધો છે. જયારે આકાશમાં વાદળ હોય ત્યારે વિમાનો રડારમાં ન દેખાય તે રીતે ગરમી પર હુમલો કરવા નિર્ણય લેવાઇ ગયો છે!!?જરૂર પડયે બુલડોઝર ચલાવવાનો પણ નિર્ણય કર્યો. બોલો, સર્જીકલ સ્ટ્રાઇક બાબાનો જય હોશ્!!!!!

ભરત વૈષ્ણવ

(આ લેખ હાસ્ય નિષ્પન્ન કરવા માટે લખાયો છે.કોઇનું અપમાન કે ઉતારી પાડવાનો ઈરાદો નથી .જેથી મહેરબાની કરીને બંધબેસતી પાઘડી પહેરવી નહીં. )

## યસ બેંકના કો-ફાઉન્ડર રાણા કપૂરને પ્રિયંકા ગાંધીની પેઇન્ટિંગ ખરીદવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.: અનુરાગ ઠાકુર

નવીદિલ્હી,તા.૧૪

કેન્દ્રીય સુચના અને પ્રસારણ પ્રધાન અનુરાગ ઠાકુરે ફરી એકવાર કોંગ્રેસ પર જોરદાર શાબ્દિક હુમલો કર્યો છે અને પ્રિયંકા ગાંધી વાડ્રા પર મોટો આરોપ લગાવ્યો છે. અનુરાગ ઠાકુરે કહ્યું છે કે, યસ બેંકના કો-ફાઉન્ડર રાણા કપૂરને પ્રિયંકા ગાંધીની પેઇન્ટિંગ ખરીદવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. ઠાકુરે કહ્યું છે કે, કોંગ્રેસનું ભ્રષ્ટાચાર મોડલ બહાર આવી ગયું છે. અનુરાગ ઠાકુરે પૂછ્યું કે FATF રિપોર્ટ ઉપર ગાંધી પરિવાર ચૂપ કેમ છે ?

અનુરાગ ઠાકુરે પ્રિયંકા ગાંધીને પૂછ્યું કે પેઇન્ટિંગ વેચવાની શું જરૂર હતી અને તેમાંથી આવેલા ૨ કરોડ ક્યાં વાપરવામાં આવ્યા. આ ખરીદી વ્યવહારમાં 'ઇ' કોણ છે? શું પદ્મ ભૂષણ એવોર્ડ માટે પેઈન્ટિંગ ખરીદવામાં આવી હતી? આવા કેટલા વધુ પુરસ્કારો અને ચિત્રો વેચાયા અને પૈસા ભેગા થયા? તેમણે કહ્યું કે, કોંગ્રેસે દેશને વેચવાનો કોઈ મોકો છોડ્યો નથી.

તમને જણાવી દઈએ કે, જે પેઈન્ટિંગ પર ભાજપ, કોંગ્રેસ ઉપર ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહી છે, તે જાણીતા ચિત્રકાર એમએફ હુસૈન દ્વારા બનાવવામાં આવ્યું હતુ. યસ બેંકના કો-ફાઉન્ડર રાણા કપૂરે પ્રિયંકા ગાંધી પાસેથી કેનવાસ પર બનેલી રાજીવ ગાંધીની તસવીર સાથેની આ પેઇન્ટિંગ રૂપિયા ૨ કરોડમાં ખરીદ્યું હતુ.મળતી માહિતી મુજબ, રાણા કપૂરે પણ ઈડીની સામે આ પેઈન્ટિંગને લઈને મોટો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે તેને આ પેઇન્ટિંગ ખરીદવા માટે મજબૂર કરવામાં આવ્યો હતો. આ સાથે તેણે એમ પણ કહ્યું હતું કે, આ પેઇન્ટિંગના બદલામાં આપવામાં આવેલા ૨ કરોડ રૂપિયાનો ઉપયોગ સોનિયા ગાંધીની સારવાર માટે કરવામાં આવ્યો હતો. ફેડરલ એન્ટી મની લોન્ડરિંગ એજન્સી દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.રિપોર્ટ્સ અનુસાર રાણાએ તેમના પર દબાણ કરનાર મંત્રીનું નામ પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે તત્કાલિન પેટ્રોલિયમ પ્રધાન મુરલી દેવરાએ તેમને કહ્યું હતું કે જો તેઓ આ પેઇન્ટિંગ નહીં ખરીદે તો ગાંધી પરિવાર સાથે સંબંધ બાંધવામાં મુશ્કેલી પડશે.આ પછી, મુરલી દેવરાના પુત્ર મિલિંદ દેવરાએ ૧ મે, ૨૦૧૦ના રોજ રાણા કપૂરને એક પત્ર લખ્યો. આ પત્રમાં, તે રાણા કપૂરને કાકા તરીકે સંબોધે છે અને ખાતરી આપતા લખે છે કે આ પેઇન્ટિંગ ખરીદવુ ઉચિત છે. .મળતી માહિતી મુજબ, તે વારંવાર તેને પેઇન્ટિંગ ખરીદવા માટે કહેવામાં આવ્યુ છે. મળતી માહિતી મુજબ રાણાએ ઈડીને એ પણ જણાવ્યું કે અહેમદ પટેલે તેમને કહ્યું હતું કે જો તેઓ ગાંધી પરિવારને મદદ કરે છે તો તેઓ તેમને પદ્મ ભૂષણ આપવા પર વિચાર કરી શકે છે.

## પુતિન પોતાની રણનીતિ બદલશે ?

# જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે રશિયાના રાષ્ટ્રપતિ ભારત આવી શકે છે

### રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે ગાઢ સંબંધ છે

નવીદિલ્હી,તા.૧૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે ગાઢ સંબંધ છે. બંને હંમેશા કહેતા હોય છે કે ભારત અને રશિયાની મિત્રતા અતૂટ છે.



હવે પીએમ મોદીના કારણે પુતિન પોતાની રણનીતિમાં ફેરફાર કરી શકે છે અને જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ભારત આવી શકે છે. વ્લાદિમિર પુતિનના પ્રવક્તા દમિત્રી પેસ્કોવે આ જાણકારી આપી.

દમિત્રી પેસ્કોવે કહ્યું કે ભારતમાં સપ્ટેમ્બરમાં આયોજિત થનારા જી૨૦ શિખર સંમેલનમાં તેઓ ભાગ લઈ શકે છે. જો કે તેમણે એમ પણ કહ્યું કે આ અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

જ્યારે પૂછવામાં આવ્યું કે ભારતમાં થનારા શિખર સંમેલનમાં શું વ્લાદિમિર પુતિન ભાગ લઈ શકે છે તો દમિત્રી પેસ્કોવે કહ્યું કે તેનાથી ઈક્નાર થઈ શકે નહીં.

અત્રે જણાવવાનું કે જી૨૦ શિખર સંમેલનનું આયોજન દિલ્હીમાં ૯થી ૧૦ સપ્ટેમ્બરના રોજ થશે. જેમાં વ્લાદિમિર પુતિન સામેલ થઈ શકે છે.

ત્યારબાદ ચર્ચા છે કે શું પુતિન પીએમ નરેન્દ્ર મોદીના કારણે પોતાની રણનીતિ બદલી રહ્યા છે કારણ કે છેલ્લા ૨ વર્ષથી તેઓ જી૨૦ સમિટમાં સામેલ થયેલા જોવા મળ્યા નથી.

ઈન્ડોનેશિયાના બાલીમાં ગત વર્ષે યોજાયેલા જી૨૦ નેતાઓના મંચ પર રશિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કર્યું હતું. ૨૦૨૧માં રોમમાં આયોજિત જી૨૦ સંમેલનમાં પણ વ્લાદિમિર પુતિન સામેલ થયા નહતા અને કોરોનાનો હવાલો આપતા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા હતા.

૨૦૨૦ની જી૨૦ સંમેલનમાં પણ પુતિને ડિજિટલ રીતે સંબોધન કર્યું હતું.

જો વ્લદામિર પુતિન જી૨૦ સંમેલનમાં ભાગ લેવા માટે ભારત આવે તો કૂટનીતિક રીતે તે ભારતની મોટી જીત હશે. કારણ કે આ સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક જેવા પશ્ચિમી દેશોના દિગ્ગજ નેતાઓ સામેલ થશે જેમની મુલાકાત રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆત બાદ થઈ નથી. જો ભારત આ બધાને એક મંચ પર લાવવામાં સફળ રહેશે તો દુનિયાભરમાં ભારતનું કદ હજુ ઘણું વધી જશે.

રશિયાની સરકારી એજન્સી તાસે દમિત્રી પેસ્કોવના હવાલે કહ્યું કે 'હજુ સુધી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના જી૨૦ બેઠકમાં સામેલ થવા અંગે કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

પેસ્કોવે કહ્યું કે રશિયા જી૨૦ સ્વરૂપમાં પોતાની પૂર્ણ ભાગીદારી ચાલુ રાખી છે અને અમે તેને જાળવી રાખવાનો ઈરાદો ધરાવીએ છીએ.'

# મિત્રતા

આલેખનઃ હેમલ ત્રિવેદી (મુંબઈ)




આપણાં જીવનમાં આપણને અનેક સંબંધો મળે છે, પણ એક સંબંધ એવો હોય છે જે આપણે જાતે પસંદ કરીએ છીએ અને એ જ સંબંધ ક્યારેક મળ લોહીના સંબંધો કરતા પણ ખૂબ મૂલ્યવાન સાબિત થાય છે.

એક સારો અને સાચો મિત્ર તમને કપરામાં કપરા સમયમાં પણ એકલતા અનુભવવા નથી દેતો, તમે હાર સ્વીકારી લો એ પહેલાજ 'દોસ્ત હું છું ને ! ચિંતા ન કર' બસ આટલું એક વાક્ય કહીને તમારી જીત નિશ્ચિત કરી નાખે છે. મિત્ર ક્યારેક સાથી, ક્યારેક ખૂટતી હિંમત તો ક્યારેક દિશા સૂચક સલાહકાર બનીને એ માંગીને લીધેલા સંબંધની વ્યાખ્યા લખી જાય છે.ક્યારેક તમને બચાવવા ખોટું બોલી જતો, ક્યારેક તમારી ખાતર એ ઈશ્વર સાથે લડી જતો અને ક્યારેક તમારી સફળતાનું સપનું પોતાની આંખોમાં વણી લેતો એ મિત્ર ,અપેક્ષા ફક્ત લાગણીઓની રાખતો હોય છે, બાકી એનો તમારા પ્રત્યે પ્રેમ સાવ નિખાલસ અને નિઃસ્વાર્થ જ હોય છે. આજના સમયમાં જ્યારે લોકો લોહીના સંબંધમાં પણ સ્વાર્થ ઉમેરતા વાર નથી લગાડતા ત્યાં જો તમારી પાસે કોઈજ અપેક્ષા વગર વ્હાલ અને સાથ આપનાર મિત્રો છે તો લાગણીઓની અછત કદાચ તમને ક્યારેય નહીં વર્તાય. વર્ષો પછી એને દ્વાર આવેલા એનાં બાળપણનાં મિત્રને મળવા સ્વયં દ્વારકાધીશ ઉઘાડા પગે છેક મહેલના દરવાજા સુધી દોડીને આવી જતાં હોય તો વિચાર કરો એ બીજા સંબંધો કરતા મિત્રતાનો સંબંધ કેટલો મજબૂત અને પવિત્ર હશે !

આપણે સૌ સંઘર્ષ કરીને ખૂબ પ્રગતિ કરીએ ત્યારે એક વાત યાદ રાખી લેવી કે જો સાંજ પડે આખા દિવસનો થાક ઉતારી આપનાર, ગપાટા મારવાવાળા ચાર સાચાં મિત્રો આપણી પાસે નહીં હોય , તો કદાચ એ પ્રગતિ કે કમાયેલા પૈસાની કોઈ કિંમત રહેતી નથી. મિત્રો વગર આપણે જીવી તો શકીશું પણ જિંદગી માણી નહીં શકીએ.

ભૂલમાં ઠપકો આપતો અને તમારી સફળતામાં ઘેલો થતો એ મિત્ર જિંદગીનાં દરેક પ્રસંગે ઈશ્વર તરફથી તમને મળેલી અમૂલ્ય ભેટ હોય છે.

## કેટલીક શક્તિઓ સમાજમાં પરસ્પર અવિશ્વાસ અને અરાજકતા પેદા કરવાનું ષડયંત્ર કરી રહી છે : આરએસએસ

પાણીપત,તા.૧૪

રિયાણાના પાણીપતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમિયાન, આરએસએસએ એક ઠરાવ પસાર કરીને કહ્યું હતું કે કેટલીક શક્તિઓ સમાજમાં પરસ્પર અવિશ્વાસ અને અરાજકતા પેદા કરવાનું ષડયંત્ર કરી રહી છે, તેમની યોજનાઓને નિષ્ફળ બનાવવાની જરૂર છે. વધુમાં જણાવાયું હતું કે વિદેશી આક્રમણ અને સંઘર્ષના સમયગાળા દરમિયાન દેશમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રણાલીઓને ભારે નુકસાન થયું હતું.

આરએસએસએ કહ્યું કે આઝાદીના અમૃત મહોત્સવના શુભ અવસર પર આખા દેશે આ સંઘર્ષમાં યોગદાન આપનારા લોકનેતાઓ, સ્વતંત્રતા સેનાનીઓ અને ઋષિઓને યાદ કર્યા. આઝાદી મળ્યા બાદ આપણે અનેક ક્ષેત્રોમાં મહત્વની સિદ્ધિઓ મેળવી છે. આજે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે ઉભરી રહી છે. વિશ્વ ભારતના શાશ્વત મૂલ્યો પર આધારિત નવીનતાને સ્વીકારી રહ્યું છે. 'વસુધૈવ કુટુંબકમ'ની વિભાવના પર આધારિત, ભારત વિશ્વ શાંતિ, વિશ્વ ભાઈચારો અને માનવ કલ્યાણ માટે તેની ભૂમિકા ભજવવા માટે આગળ વધી રહ્યું છે.

ઠરાવમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે અખિલ ભારતીય પ્રતિનિધિ સભા એ વાતને રેખાંકિત કરવા માંગે છે કે ઘણા દેશો ભારત પ્રત્યે આદર અને સદ્ભાવના ધરાવે છે, પરંતુ વિશ્વની કેટલીક શક્તિઓ ભારતના આ વધતા પ્રભાવને સ્વીકારવા સક્ષમ નથી. હિંદુત્વના વિચારનો વિરોધ કરી રહેલી દેશની અંદર અને બહાર ઘણી શક્તિઓ સમાજમાં અવિશ્વાસ અને અરાજકતા પેદા કરવા માટે નવા ષડયંત્રો રચી રહી છે. આ બધાથી વાકેફ હોવા છતાં, આપણે તેમની યોજનાઓને પણ નિષ્ફળ કરવી પડશે.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 0050**
વિષય - બહુરંગી
પ્રકાર - પદ્ય મૌલિક
શીર્ષક - બહુરંગી દુનિયા
તા - ૧૪/૩/૨૦૨૩.

.................................... બહુરંગી દુનિયા બનાવી પ્રભુએ...!
પ્રાર્થુ પરમેશ્વરને પ્રેમે ..!
વગાડું આગમનનાં સથવારે મંગલ શંખ..!
એવો રૂડો અવસર આપજો...!
ન માંગું કાંઈ બીજું ભીતર ભાવે વિશ્વાસ અડગ..!
ભલેને રાહ હોય ઉબડખાબડ બનીને સારથી મારો...!
બહુરંગી દુનિયામાં મારો હાથ પકડજે ...!
વર્ષો વીતી ગયા આજ
વીતી ગયાં એ પતી ગયાં...!
ઈન્સાનિયતને હમદર્દીનું મળ્યો મોંઘો માનવ દેહ આ...!
બહુરંગી માનવ વચ્ચે
ક્યાંક ભૂલી જાવ મનવા..!
તક મળે એક જો..!
કરવા સત કર્મ એવાં કે લખચોરાસીના ભમતા ચકરો કાપવા મારે ...!
અવગુણોને ધક્કો મારી...! વાત્સલ્ય મૂર્તિ ઘડી તારી પ્રભુ...!
કરવી ખૂબ જ પૂજા આજ...! સુખદાતા બનીશ સૌને આંખે અમી ધરવી...!
પ્રભુ પ્રત્યેક અંતરનો ના જગાડવો...!
મારું આંતૅ પોકાર સાંભળને...!
તે આપ્યું ઘણું આ...!
બહુરંગી દુનિયામાં જીવવા એક કારણ...!
સંસારના યુદ્ધમાં આજ ..!
પળે પળે બદલાતી પરિસ્થિતિ વિશ્વાસ ઘણો તારા પર..! મુંજ આંતરિક શક્તિથી મીઠાં ફળો આપજે..!
મધમાતી ધરતી પર પ્રગટે સુવાસ...!
હૃદયે જાગ્યાં સ્પંદનો...!
મળી બહુરંગીન દુનિયામાં આતમ અજવાળવા કરજે..!
રાગીની શુક્લ "રાગ"
મુંબઈ
******†**************************†**

**NOG SS No - 0063**
વિષય - બહુરંગી
પ્રકાર - ગદ્ય (લેખ)
શીર્ષક - 'કાચિંડો'

વિવિધ રંગો એ જીવસૃષ્ટિનું અવિભાજ્ય અંગ છે. આપણે મોટાભાગે સજીવ કે નિર્જીવ, દરેક વસ્તુને એનાં રંગો વડે સરળતાથી ઓળખીએ છીએ.

સામાન્યતઃ વિજ્ઞાન પણ કહે છે કે સાંભળેલું કરતાં જોયેલું વધું સરળતાથી યાદ રહે છે. આમ શ્રવણશક્તિ ઉપર દૃષ્ટિ હાવી થાય છે. આ દૃષ્ટિ એટલે ભાત ભાતના રંગોની રોચક રંગોળીને ઓળખવાની શક્તિ. વળી, આ બહુરંગી દુનિયાનાં રૂપરંગને જોવાની પારખવાની દરેક સજીવની ક્ષમતા જુદીજુદી, હો પાછી!

આપણે મનુષ્ય મુખ્ય સાત રંગ અને એની મેળવણીનાં રંગોને પારખી શકીએ છીએ. આમ, જોવા જઈએ તો આપણે સપ્તરંગી વિશ્વનાં માલિક અને એજ આપણી દુનિયા.

પૃથ્વી ઉપરની તમામ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને પોતાનું આગવું વિશ્વ છે. બધાં જ એ મર્યાદામાં રહીને જીવનયાપન કરે છે.

સ્વબચાવ કે ખોરાક માટે રંગ બદલતો કાચિંડો લગભગ બધાંએ જોયો જ હશે. પરંતુ, અફસોસ એ માટે છે કે માત્ર મનુષ્ય જ એકમાત્ર પ્રાણી છે જે અંગત લાભ અને સ્વાર્થ માટે ટાંણે ટંકે રંગ બદલે છે, અને કાચિંડાની ઉક્તિ મેળવે છે.

મિત્રો, પ્રભુએ બધાને પોતાની જરૂરિયાત પ્રમાણે આપ્યું જ છે. પરંતુ, આપણે બુદ્ધિજીવીઓ કુદરતનાં નિયમોમાં સતત સેંધ નાંખી, સમગ્ર જીવનચક્રને અસ્તવ્યસ્ત કરી નાંખીએ છીએ.

કાશ! આપણને જે મળ્યું છે એનાથી સંતુષ્ટ રહી, ખોટાં બહુરંગી બની વરણાગીવેડા ના દાખવીએ.

- રીટા ભાયાણી.
*†*****************************†

**N.O.G SS No. 130**
વિષય - બહુરંગી
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૩૪૬
શીર્ષક - આંધળો વિશ્વાસ

આંગીને કોલેજ બાદ પ્રથમ વખત કોર્પોરેટ કંપનીમાં નોકરીમાં જોડાઈ. નવી નોકરીમાં જોડાતા પહેલા તેના માતા-પિતાએ સલાહ આપી કે જલ્દીથી કોઈના પર વિશ્વાસ મૂકવો નહીં કારણકે આંગીનો સ્વભાવ ખૂબ જ ભોળો છે. આંગી મોટા ભાગે કોઈની સાથે વધારે વાત કરતી નહિ અને લંચ સમય પર પણ એકલી જ જમી લેતી હતી. આંગીના સહકાર્યકરો તેને સાથે જમવા માટે આગ્રહ કરતાં હતા પરંતુ આંગી વિવેકપૂર્વક ના પડી દેતી હતી. થોડાક સમયમાં બીજા શહેરથી લગભગ આંગીની જ ઉંમરની એક યુવતીની બદલી આંગીની ઓફિસમાં થઈ. નવી આવેલી યુવતી મિસરીનો ઓફિસના સભ્યો સાથે પરિચય કરાવવામાં આવ્યો. મિસરી માટે શહેર નવું હતું અને ઓફિસમાં પહેલો દિવસ હોવાથી તેને લંચ સમય પર કંપની જોઈતી હતી અને તેને આંગીને પોતાની સાથે જમવા માટે કહ્યું અને આંગી દરેકને વિવેકપૂર્વક ના પડી દેતી હતી પરંતુ મિસરીનો પ્રથમ દિવસ હોવાથી તેને ના પાડી શકી નહિ અને બંને સાથે જમ્યા. થોડા જ સમયમાં સાથે જમવું એ તેમનો નિત્યક્રમ થઈ ગયો હતો અને હવે બંને એકબીજાની સારી સખીઓ બની ગઈ હતી. કોઈના પર ભરોસો ના મૂકનારી આંગીને મિસરી પર ખૂબ જ ભરોસો હતો અને તે પોતાની દરેક વાત મિસરીને કહેતી હતી. થોડા સમયમાં ઓફિસમાં કોઈ કારણસર નવા નીતિ-નિયમો આવ્યાં જે ઓફિસમાં મોટા ભાગના કર્મચારીઓને પસંદ આવ્યા નહિ અને સૌના મોઢે એક જ વાત હતી કે આવા નીતિ-નિયમોથી તો ખાલી કંપનીને જ ફાયદો થશે અને કર્મચારીઓ પર કામનો બોજો ખૂબ વધી જશે અને સામે વળતર પણ ઓછું મળશે.

મિસરી થોડા દિવસ રજા પર હોવાથી જે દિવસે તે ઓફિસે આવી તે જ દિવસે બપોરે સાથે જમતા જમતા આંગીએ ઓફિસના નવા નીતિ-નિયમો માટે પોતાનો ઊભરો ઠાલવ્યો અને આ બાબતે બધાએ સાથે મળીને કંઈક કરવું જોઈએ જેથી લોકોના વેતન પર કોઈ અસર ના પડે તેમ પણ કહ્યું . સાંજે સૌના આશ્ચર્ય વચ્ચે આંગીને ઓફિસ તરફથી એક નોટિસ આપવામાં આવી કે તે કંપનીના લોકોને કંપની વિરુધ્ધ ભડકાવી રહી છે અને હવે ફરીથી જો તે આવું કૃત્ય કરશે તો તેને તાત્કાલિક કંપનીમાંથી કાઢી મૂકવામાં આવશે. નોટિસ પૂરી વાંચતાં જ આંગી રડી પડી અને તેને લાગ્યું કે મિસરી પર તેને ખૂબ ભરોસો કર્યો તેનું પરિણામ તેને આજે મળી ગયું અને મિસરીના બહુરંગી સ્વભાવનો તેને કડવો અનુભવ થઈ ગયો અને તેને લાગ્યું કે દુનિયા આખી બહુરંગી જ છે.

જાનકી સોની
*********************************

***NOG SS No* : *0110***
★પ્રકાર : ગદ્ય- ★મૌલિક લેખ★
★વિષય★ : ★બહુરંગી★
★શબ્દો★ : ★૩૪૬★
★શીર્ષક★ :★'બહુરંગી સૃષ્ટિ અને મનુષ્ય'★
★લેખકનું નામ★ : ★નિખિલ કિનારીવાળા (અમદાવાદ)★

'બહુરંગી' એટલે વિવિધ રંગોથી ભરેલું. પ્રકૃતિ વિવિધ રંગોથી ભરેલી બહુરંગી છે અને જીવિત પ્રત્યેક જીવ ઉપર અલગ-અલગ મોસમમાં અથવા અલગ અલગ સમયે તેના અદ્ભુત કામણ પાથરે છે. વસંતમાં પ્રકૃતિની લીલોતરી અને હરિયાળી તેની ચરમસીમાએ હોય છે. નવપલ્લવીત ફૂલ-છોડ અને ઝાડ-પાન ઉપર ખીલેલા રંગબેરંગી પુષ્પો કંઈક અલગ જ આહલાદક દ્રશ્ય ઊભું કરે છે જે પ્રત્યેક મનુષ્યને અને કહો કે પ્રત્યેક જીવને આકર્ષિત કરે છે અને તેના મિજાજમાં એક અનેરો આનંદ ઉમેરે છે.

કુદરતે સૃષ્ટિમાં રંગો ઉમેરીને ગજબની કમાલ કરી છે. ભૂચર અને જળચર પ્રાણીઓ કે આકાશમાં વિહાર કરતાં રંગબેરંગી પક્ષીઓ તરફ નજર નાખીએ ત્યારે આ સૃષ્ટિના સર્જક ઈશ્વરને એક મોટા ગજાના ચિત્રકારથી ઓછા આંકી શકાય નહીં તેવી ચોક્કસ અનુભૂતિ થાય છે. કંઈ કેટલાયે રંગો થકી પ્રાણીઓના શરીર ઉપર અને પક્ષીઓની પાંખ ઉપર કુદરતી ડિઝાઈન અંકિત થયેલી હોય છે. રંગોમાં ડુબાડીને બહાર કાઢી હોય તેવી ચંચળ માછલીઓ જોઈ મન કેવું મોહિત થઈ જાય છે! ગુલાબ અને મોગરાના સુગંધિત ફૂલોની આજુબાજુ મંડરાતા ભમરા અને અદ્ભુત રંગોનો કસબ પાથરતા રંગબેરંગી પતંગિયાઓ હરકોઈનું દિલ જીતી લે છે. વસંતના આગમને ખાખરાના વૃક્ષો ઉપર કેસુડાના કેસરી રંગના ફૂલ જાણે વનરાજી ઉપર કેસરી રંગની ચાદર ઓઢાડી હોય તેમ શોભતા હોય છે. આ જ પ્રમાણે વહેલી સવારના અને મોડી સાંજના સૂર્યના કિરણો રાતના અંધકારમાંથી બહાર આવતાં અથવા અંધકાર તરફ જતા નભને રંગોથી તરબતર કરી દે છે. વર્ષાની મોસમમાં ધરતી અને આકાશને જોડીને સર્જાતું રંગબેરંગી મેઘધનુષ્ય કેટલું આહલાદક લાગે છે! આમ મારી દ્રષ્ટિએ તો સૃષ્ટિનું દરેક સર્જન બહુરંગી છે.

મનુષ્ય જાત ઉપર કટાક્ષ કરતાં એવું કહી શકાય કે, સૃષ્ટિ આટલી બહુરંગી હોય તો મનુષ્ય કેમ પાછળ રહી જાય? મનુષ્યોના વ્યક્તિત્વ પણ બહુરંગી હોય છે. ફરક માત્ર એટલો છે કે મનુષ્યના વ્યક્તિત્વના આ રંગો સૃષ્ટિના રંગોની જેમ આકર્ષક હોતા નથી પરંતુ તે મનુષ્યને અલગ અલગ પરિસ્થિતિમાં જુદા જુદા રંગોનો ઢોળ ચડાવીને પ્રસ્તુત થવા મજબૂર કરે છે. આ રંગો છે પ્રેમ, હેત અને સદભાવ અથવા વેર, ઝેર અને ધ્રુણા. ઘણી વખત તો એવું બનતું હોય છે કે આ રંગ બદલવામાં મનુષ્ય કાચિંડાને પણ હંફાવી દેતો હોય છે. પ્રેમ, હેત અને સદભાવ ના રંગો થકી મનુષ્ય પોતાની આસપાસના સહુના દિલ જીતી શકે છે જ્યારે વેર, ઝેર અને ધ્રુણાના રંગો થકી મનુષ્ય સહુ તરફથી માત્ર અને માત્ર તિરસ્કાર મેળવે છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૧૪ માર્ચ ૨૦૨૩
**********************************

**NOG SS No : 122**
પ્રકાર : પદ્ય- અછંદસ
શિર્ષક : રંગીન ટીવી
વિષય : બહુરંગી

પહેલા સારું હતું,
ટીવીમાં
ને
ફોટાઓમાં
બે જ રંગો
બ્લેક અને વ્હાઈટ,
માણસોનાં સ્વભાવ
પણ
બ્લૅક અને વ્હાઈટ
સારા ને ખરાબ,
સંબંધોમાં
પણ બે રંગો
બ્લૅક અને વ્હાઈટ
સારા ને ખરાબ
સમય જતા
આવ્યું... ટીવી રંગીન
અને
ફોટાઓ
પણ...
ફેરફાર
માણસોનાં સ્વભાવમાં,
પણ થયો,
માણસો બનતા ગયાં
બહુરંગી...
બોલે કયા રંગમાં
અને
વિચારે કયા રંગમાં...!
કહે કયા રંગમાં
અને
કરે કયા રંગમાં...!
જરૂરિયાત પ્રમાણે
નિત નવા રંગે સજાવે
ચહેરો ને શબ્દો...
બહુરંગી રંગોમાં
અંજાઈ જવાય ને
ભૂલા પડી જવાય,
સમજાતું નથી કે
સંબંધોમાં લાગણીનો
કયો રંગ વહી રહ્યો છે!
રંગોની બહુરંગી દુનિયામાં
ક્યાંક ખોવાયા
પ્રેમ
વિશ્વાસ
સન્માન
લાગણી
સચ્ચાઈ
અને
રંગ... માણસાઈનાં...!
કાજલ
નામ : કાજલ શાહ 'કાજ'
સ્થળ : મુંબઈ
**********************************

**NOG SS No/0044**
વિષયઃ- બહુરંગી
પ્રકારઃ- ગદ્ય
શબ્દોઃ- ૩૧.
શીર્ષકઃ- શ્યામા.

ગુરુજીનો આદર કરનાર શ્યામા દીકરીને માટે પ્રવેશ લેવા ગઈ ત્યાં ગુરુજીની ટેલીફોનીક વાત સાંભળી બહુરંગી મિજાજનો અહેસાસ થતાં જ પ્રવેશ લીધાં વિના પરત ફરી.

© વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.
**********************************

**NOG SS N0.73**
વિષય.બહુરંગી
પ્રકાર..ગદ્ય
શીર્ષક. .રંગીન દુનિયા..
લેખક..નયના પટેલ.નૈન.વડોદરા.

રંગીન દુનિયા એટલે વિવિધ રંગોથી બનેલી દુનિયા નહીં પણ એક એવી દુનિયા જે દુનિયામાં આપણે વિવિધ રંગોના ઘરો,પશુ પંખી,ફૂલો,બાગ બગીચા,વિવિધ રંગોના કપડાં ને સાથે વિવિધ રંગોના માણસો પણ જોઈએ છે,આ બહુરંગી દુનિયા છે,એમાં જેવા રંગમાં તમે ઢળી જશો એવા રંગની દુનિયા દેખાશે,તમારે નક્કી કરવાનું છે,

કે તમારે કેવા રંગમાં રગાવું છે,જીવન બહુજ સરસ મળ્યું છે,ને જિંદગી રંગીન છે,તો એના રંગોને માળો એને પ્રેમ કરો,

તમે તમારી જાતને જેટલો પ્રેમ આદર આપશો એટલી જિંદગી વધારે સુંદર અને સરળ થશે,જો તમેજ તમારી જાતને પ્રેમ નહીં કરો તો દુનિયામાં બધા રંગો તમને ફિકા લાગશે..

નયના પટેલ.નૈન
**********************************

**NOG SS N0: 001**
પ્રકારઃ ગદ્ય
વિષય : બહુરંગી
શીર્ષક : સમાજિક દૂષણ બહુરંગ

આજકાલ સામાજિક આધુનિક રંગોની અંદર બહુરંગે રંગાયેલા પુરુષોને સ્ત્રીઓ અનેક ક્ષેત્રોમાં વખણાયા છે અને તેમની વાહ વાહ થઈ રહી છે. જે લોકો કોઈપણ એક જ ક્ષેત્રમાં પારંગત હોય અને ખૂબ નામના મેળવી હોય તેવા લોકો આજકાલ પાછળ રહી ગયેલા જોવા મળે પણ અનેક જગ્યાએ દોડાદોડી કરીને પોતાનું કૌતુક બતાવીને જાતજાતના માન સન્માન મેળવતા બહુરંગ લોકો આજકાલ આપને વધુ જોવા મળશે અને પ્રસિધ્ધિઓમાં પણ તેઓ આપને સર્વોચ્ચ જોવા મળશે. હાલમાં આવા અનેક પાત્રો જેવો પોતાના સ્વભાવગત તેમનો બહુરંગ બતાવીને જુદા જુદા ક્ષેત્રોમાં જોવા મળી રહ્યા છે. આ બદલાતી સામાજિક પરિસ્થિતિ ની નવી અવ દશા કે જેને દૂષણ કહેવાય એ આ છે નવો બહુરંગી સામાજિક રંગ..

સંચાલક : પ્રદીપ રાવલ

# નેચરલ ગેસ-મિની વાયદામાં પ્રારંભના દિવસે ૩,૨૫,૭૫૦ એમએમબીટીયૂનું નોંધપાત્ર વોલ્યુમ

**સોના-ચાંદી, ક્રૂડ તેલ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈઃ કોટન-ખાંડીમાં સીમિત સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૦૧૮૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૨૪૩૩૨ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ. ૩૭ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૪૩૬,૮૩૫ સોદાઓમાં કુલ રૂ.૩૪,૫૫૬.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૦૧૮૬.૯૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૪૩૩૨.૨૫ કરોડનો હતો.

દરમિયાન, ૧૪ માર્ચ (આજ)થી નવા શરૂ થયેલા નેચરલ ગેસ-મિનીના વાયદાઓને કામકાજના પ્રથમ દિવસે બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો અને પ્રથમ દિવસે સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં ૧,૧૪૬ સોદાઓમાં રૂ.૭.૪૯ કરોડનાં ૩,૨૫,૭૫૦ એમએમબીટીયૂનાં કામકાજ સાથે ૫૮,૫૦૦ એમએમબીટીયૂનો ઓપન ઈન્ટરેસ્ટ રહ્યો હતો. નેચરલ ગેસ-મિનીનો એપ્રિલ વાયદો એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા સુધરી રૂ.૨૨૭.૩૦ અને મે વાયદો રૂ.૩.૭૦ વધી રૂ.૨૪૮.૩૦ના સ્તરે રહ્યા હતા.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૧૬,૩૬૧ સોદાઓમાં કુલ રૂ.૬,૫૩૨.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૭,૪૮૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૭૩૮ અને નીચામાં રૂ.૫૭,૩૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૭ ઘટી રૂ.૫૭,૫૦૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩ વધી રૂ.૪૫,૫૧૬ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૫,૬૪૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭,૦૦૧ના ભાવે ખૂલી, રૂ.૧૦૫ ઘટી રૂ.૫૭,૪૩૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૬,૪૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૧૨૫ અને નીચામાં રૂ.૬૬,૦૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૭૬ ઘટી રૂ.૬૬,૪૭૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૧૦૮ ઘટી રૂ.૬૬,૫૭૩ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૨૨ ઘટી રૂ.૬૬,૫૮૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૪૭૯ સોદાઓમાં રૂ.૧,૪૬૮.૩૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૦૬.૦૦ અને જસત માર્ચ વાયદો રૂ.૦.૪૫ ઘટી રૂ.૨૬૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૭૫૯.૮૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૬,૩૩૨ સોદાઓમાં કુલ રૂ.૨,૧૬૭.૬૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૦૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૧૩૦ અને નીચામાં રૂ.૬,૦૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૨૨ ઘટી રૂ.૬,૦૪૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૦ વધી રૂ.૨૧૫.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૪૦ સોદાઓમાં રૂ.૧૮.૦૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૯૦૦ અને નીચામાં રૂ.૬૦,૪૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ વધી રૂ.૬૧,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૨.૩૦ ઘટી રૂ.૧૦૧૨.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૯૫૫.૯૩ કરોડનાં ૫,૧૩૧.૮૦૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૫૭૭.૦૫ કરોડનાં ૫૩૬.૮૭૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૧૭૯.૩૨ કરોડનાં ૧,૯૪૧,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૨૭ કરોડનાં ૪,૨૩,૮૨,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડીના વાયદાઓમાં રૂ.૯.૭૩ કરોડનાં ૧૫૮૪ ખાંડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮.૨૮ કરોડનાં ૮૦.૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૧૮૭.૮૫૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૭૨.૨૫૪ ટન, ક્રૂડ તેલમાં ૧૨,૦૪,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪,૧૧,૮૬,૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટન ખાંડીમાં ૧૧૭૬૦ ખાંડી, મેન્થા તેલમાં ૩૮૯.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૭.૪૪ કરોડનાં ૪૮૧ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૫૨૨ના સ્તરે ખૂલી, ૨૬ પોઈન્ટ ઘટી ૧૫,૫૬૫ના સ્તરે હતો.ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૪,૩૩૨.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૨૪૭.૯૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬૦.૯૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦,૧૮૩.૯૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૩૮.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૭૦.૭૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૩.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૪૧.૦૦ અને નીચામાં રૂ.૯૧.૦૦ રહી, અંતે રૂ.૬૨.૬૦ ઘટી રૂ.૧૦૫.૭૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૮.૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૬૦.૦૦ અને નીચામાં રૂ.૨૬૪.૫૦ રહી, અંતે રૂ.૨૩.૫૦ ઘટી રૂ.૩૭૮.૫૦ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૫૦ અને નીચામાં રૂ.૯.૨૦ રહી, અંતે રૂ.૨.૦૫ વધી રૂ.૧૦.૧૫ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૦૧.૦૦ ખૂલી, ઉપરમાં રૂ.૧,૦૮૨.૦૦ અને નીચામાં રૂ.૭૪૩.૦૦ રહી, અંતે રૂ.૧૨૧.૦૦ ઘટી રૂ.૮૩૦.૦૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-3

# અંબાજી મહોનથાળ વિવાદ

છેલ્લા ૯૪૨ વર્ષ થી ચાલતી પરંપરા ને સ્વાર્થ માં રાચતા અને નફા નુકસાન નુ ગણતર કરતા વહીવટ દારો એ લાખો ભક્તો ની આસ્થા અને શ્રધ્ધાળુઓની લાગણી ને એક જ ઝાટકે તોડી પ્રસાદ નો મહીમા નો સમજયા વગર માત્ર મોહનથાળ ના ટુકડા સમજી ને સત્તા ના જોરે પોતાના ઓના હીત માટે મંદિર માંથી મોહનથાળ નો મહીમા સમજયા વગર મા ના મન ભાવન મીષ્ટાન ને મા ના થાળ માં થી દુર કરી દીધો

વિક્રમ સંવત ૧૧૩૭ માં દાંતા ના મહારાણા જશરાજજી ને મા જગદંબા એ સ્વપ્ન માં સંકેત આપી ગબ્બર પર્વત પર દર્શન માટે આવવા પ્રેરણા કરેલ અને મા એ કરેલા સંકેત મુજબ મા ના દર્શન માટે ગબ્બર પર્વત પર પોતાના રસાલા સાથે રવાના થયા પ્રસાદ માટે ખાંડેલા ચણા ગોળ અને ઘી લઈ ગયા અને પ્રથમ પ્રસાદ મા ને ચઢાવેલ જેનુ મોહનથાળ પડ્યુ

વરસો ની તપસ્યા ને અંતે જે ઘટના ઘટી તે જગજાહેર છે

હાલ જ્યાં મા બીરાજમાન છે તે મંદિર મહારાણા જશરાજજી એ બનાવેલ મંદિર માં વીશા યંત્ર ની સ્થાપના કરવા માટે

સિધ્ધપુર રાજા સિદ્ધરાજ સાથે વાત થઈ કારણકે તે સમયે અશ્ર્વમેઘ યજ્ઞ માટે કાશી વિશ્વનાથ થી બ્રાહ્મણો સિધ્ધપુર તેડાયેલા હતા અને એ પંડીતો એ વીશાયંત્ર ની સ્થાપના કરી અને અહી વસવાટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી એટલે મંદિર નો તમામ વહીવટ દાંતા સ્ટેટ ની દેખરેખ નીચે બ્રાહ્મણો ને પુજા તેમજ વહીવટ સોપવામાં આવ્યો

મંદિર ની આવક ના ચાર ભાગ થતા એક બ્રાહ્મણો ને

બીજો મંદિર નિભાવ માટે ત્રીજો સ્ટેટ હસ્તક ના તમામ મંદિરો

ચોથો સ્ટેટ પાસે રહેતો

દર્શન માટે આવનાર કોઈ પણ વ્યકિત દાંતા સ્ટેટ ની હદ માં દાખલ થાય એટલે તેમની રહેવાની જમવાની તેના રક્ષણ ની તમામ જવાબદારી સ્ટેટ પુરુ પાડતા

મંદિર ના ગર્ભ ગૃહ માં બ્રાહ્મણ અને રાજા સીવાય સ્નાન કરી માત્ર અબોટીયુ પહેરી ને પ્રવેશવુ અન્ય કોઈ પણ વ્યકિત ને પ્રવેશવા પર પ્રતિબંધ હતો

મંદિર પરીશર માં કોઈ પણ જગ્યા એ તેલ નો વપરાશ કરવા પર પ્રતિબંધ હતો

માથુ ધોઈ ને તેલ નાખ્યા વગર માથે કોઈ પણ વસ્ત્ર નાખ્યા વગર મંદિર માં પ્રવેશ પર પ્રતિબંધ હતો

બહાર ગામ થી આવનાર કોઈ પણ વ્યકિત માટે નહાવાની વ્યવસ્થા માં દાંતા તરફ થી આવનાર માટે પાનશા પાસે આબુરોડ તરફ થી આવનાર માટે સરહદ છાપરી પાસે ઈડર તરફ થી આવનાર માટે રાણપુર બંગલા પાસે નહાવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ હતી જે જગ્યા ઓ તેલીયા નદી તરીકે ઓળખાતી હતી

મંદિર માં પ્રકાશ માટે મશાલ પણ ઘી ની સળગાવવા માં આવતી જે પરંપરા આજે પણ ચાલુ છે

ટુંક માં નફો રળવાની લ્હાય માં મંદિર ના મહીમા સાથે છેડછાડ કયાં સુધી યોગ્ય છે

તમે સર્વશ્રેષ્ઠ કે સર્વસ્વ નથી બધા ની ઉપર પણ એક મહાસત્તા છે અમને એની પર વિશ્વાસ છે લાખો ભક્તો ના હૃદય નો વલોપાત એનાથી છાનો

સરકારો ને આપણા મંદિરો માં હસ્તક્ષેપ વહિવટ નો કોઈ અધિકાર નથી.

૮૬ મંદિરો નો નિસ્વાર્થ જિર્ણોધ્ધાર કરાવનાર દાંતા ના રાજવી પરમવીરસિંહ જેવો અંબાજી મંદિર ના વહિવટ માટે કોઈ વિકલ્પ નથી.

જય અંબે માં

સૌજન્ય:: નીરવભાઇ ઉપાધ્યાય

## હવે બાવળામાંદિવ્યાંગજન માટે જયપુર ફૂટ (કૃત્રીમ પગ) તથા કેલીપર્સની નિશુલ્ક તપાસ અને વિતરણ કેમ્પ

હવે બાવળામાંદિવ્યાંગજન માટે જયપુર ફૂટ (કૃત્રીમ પગ) તથા કેલીપર્સની નિશુલ્ક તપાસ અને વિતરણ કેમ્પ.

શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ (જયપુર ફૂટ સેન્ટર, અમદાવાદ) અને ★ન્યુ વે એજ્યુકેશનલ ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર★ ના સંયુક્ત ઉપક્રમે ફોટોકીના કેમિકલ્સ પ્રા.લી. ના સહયોગ થી★દિવ્યાંગજન માટે જયપુર ફૂટ (કૃત્રીમ પગ) તથા કેલીપર્સની નિશુલ્ક તપાસ અને વિતરણ કેમ્પમાં કોઈપણ દિવ્યાંગ ભાઇ બહેનોને ★કૃત્રીમ પગ તથા કેલીપર્સની★ જરૂરિયાત હોય તો તેમણે તારીખ ૨૦/૦૩/૨૦૨૩ સુધીમાં શ્રી ભાવિન પરમાર★ (પ્રમુખ, ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા) ★૯૯૭૪૦૮૮૮૦૨ / ૮૭૮૦૭૫૨૩૨૬★ નંબર પર નામ નોંધાવવું ફરજિયાત★ છે. કેમ્પનું સ્થળ ★લોહાણા મહાજન વાડી ટ્રસ્ટ, જલારામ મંદિરની બાજુમાં, સાંણદ ચોકડી, બાવળા★ રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ લાભાર્થીને કોલ કરી કેમ્પની તારીખ કહેવામાં આવશે. લાભાર્થીઓએ આધાર કાર્ડ અથવા રહેઠાણનો પુરાવો અને વિકલાંગતા દર્શાવતો આખો ફોટો સાથે લાવવો ફરજિયાત છે.

નોંધ - લાભાર્થીઓએ ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

## સરસ્વતી ફાર્મસી કોલેજ ની કબડ્ડી ટીમ ચેમ્પિયન બની



ગાંધીનગરઃ સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર ની કબડ્ડી યુવા ટીમ ગુજરાત ફોરમ ઓફ ફાર્મસી સ્ટુડન્ટ્સ દ્વારા આયોજિત કબડ્ડી ટુર્નામેન્ટ માં વિજેતા બની હતી. આ ટુર્નામેન્ટ શ્રી એસ.એમ. શાહ ફાર્મસી કોલેજ તથા યુથ ડેવલપમેન્ટ ફાર્માસ્યુટિકલ એસોસિએશન ના સહયોગ થી અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. આ બાબતે સંસ્થા ના ટ્રસ્ટી કે.જી.પટેલ અને પ્રિન્સિપાલ ડો.અંકિત ચૌધરી દ્વારા વિધાર્થીઓ ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

# કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી મોં મીઠા કરાવી સ્વાગત કરવામાં આવ્યું

અમદાવાદ,તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે અમદાવાદ સહિત રાજયભરમાં ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો હતો. તેની સાથે જ રાજયભરમાં પરીક્ષા ફીવર છવાઇ જવા પામેલ છે. પરીક્ષાના પ્રથમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી ગુલાબના ફુલ આપી શુભેચ્છા આપવામાં આવી હતી.આજે બોર્ડ પરીક્ષાનો પહેલો દિવસ હોવાથી વિદ્યાર્થીઓનો તણાવ અને ગભરાટ દુર કરવા માટે સ્કૂલોમાં તેમનુ ગુલાબ, ચોકલેટ આપીને તથા કેટલીક જગ્યાએ ગોળ ધાણા ખવડાવીને સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ઘણી સ્કૂલોએ પ્રવેશ દ્વારા પર ફૂલોનુ ડેકોરેશન પણ કર્યુ હતુ.

પરીક્ષા શરૂ થતાની સાથે જ આજે સવારે પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ અને વાલીઓના ટોળા જોવા મળ્યા હતા. પરીક્ષા શરૂ થયા બાદ પણ આકરા તાપમાં મોટાભાગના વાલીઓ પરીક્ષા કેન્દ્રની બહાર પેપર પુરૂ થાય તેની રાહ જોતા નજરે પડ્યા હતા.જયારે વાલીઓ પોતાના વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ અને ગભરાયા વિના પેપર લખવાની સુચના આપતા નજરે પડી રહ્યાં હતાં જો કે ધો.૧૦ અને ધો.૧૨ના પ્રથમ દિવસની પરીક્ષાના પેપર સહેલા હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ ખુશ નજરે પડયા હતાં અને આશા વ્યકત કરી હતી કે આગામી પેપરો પણ સહેલા પુછવામાં આવશે

રાજકોટ જિલ્લાના ૮૩૬૫૦ સહિત રાજયના ૮૩૬૫૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી છે. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાના આજે પ્રથમ દિવસે સવારના સેશનમાં ધો.૧૦માં ગુજરાતી-હિન્દી-અંગ્રેજી પ્રથમ ભાષાના અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયત વિષયના પ્રથમ પેપર હતું જયારે બપોરના સેશનમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં એકાઉન્ટ તેમજ વિજ્ઞાન પ્રવાહમાં ફીઝીકસ વિષયના પેપર લેવામાં આવ્યું છે.




આજરોજ સમસ્ત બ્રહ્મ સમાજ સંગઠન કઠલાલ શહેર/તાલુકા દ્વારા આરાસુરી માં અંબાજીના ૪૩૨ વર્ષ જૂની પરંપરા ના ટુટે તે અનુસંધાને ભૂદેવો દ્વારા ૫૧ કિલો મોહનથાળ (રાજભોગ) માતાજીના ચરણોમાં અર્પિત કરી ધન્યતા અનુભવી અને મા અંબાના ચાચર ચોકમાં ભક્તજનોને નિશુલ્ક મોહનથાળ નું વિતરણ કર્યું. બોલ માડી અંબે જય જય અંબે.......

# પવિત્ર અંબાજી મંદિરમાં મોહનથાળ પ્રસાદને ફરી ચાલુ કરવાના નિર્ણય પાછળ ગુજરાતની જનતા, ધાર્મિક સંસ્થાનો અને સર્વે સનાતન ધર્મ પ્રેમીઓ દ્વારા કરાયેલ ધર્મયુદ્ધની જીત છે

- ☐ **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના આગેવાનો અને કાર્યકર્તાઓએ અન્યાય સામે નિરંતર આપેલ લડતનું આ સુખદ પરિણામ છે.**
- ☐ **મંદિર પરિસરથી લઈને વિધાનસભા પરિસર સુધી કોંગ્રેસ પક્ષે ધર્મ માટે અવાજ ઉઠાવ્યો છે.**




અમદાવાદ ,

છેલ્લાં ૧૫ દિવસથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા અંબાજી ખાતે મોહનથાળ પ્રસાદ બંધ કરવાનો જે ભાજપ દ્વારા મનસ્વી નિર્ણય લેવામાં આવ્યો હતો તેની સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા સનાતન ધર્મીઓને સાથે રાખીને સતત લડત આપવામાં આવી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીએ અમદાવાદ ખાતે આ અવિચારી નિર્ણયનો જનતા સાથે રહીને વિરોધ કર્યો, અંબાજી ખાતે આવેદનપત્ર આપ્યું, અંબાજી ખાતે મોહનથાળ પ્રસાદ વિતરણની વ્યવસ્થા કરી, પાલનપુર કલેકટરને પણ આવેદનપત્ર આપવમાં આવ્યું.

સમગ્ર ગુજરાતમાં ઠેરઠેર ગુજરાતના મંદિરોમાં મોહનથાળ પ્રસાદ વહેંચીને પ્રતિકારાત્મક વિરોધ કરવામાં આવ્યો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ શ્રી જગદીશ ઠાકોર અને આગેવાનશ્રીઓએ પણ આ મુદ્દાને અનુલક્ષીને અમદાવાદની અંદર માધુપુરા ખાતે મોહનથાળ પ્રસાદ ધરાવીને ભાવિક ભક્તોને વહેંચીને જડબેસલાક આંદોલનની તૈયારી દાખવી હતી. વિધાનસભાની અંદર પણ વિરોધ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા તથા પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓએ આ પ્રશ્નને ઉઠાવ્યો હતો, પવિત્ર યાત્રાધામ બોર્ડને પણ આવેદનપત્ર આપ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના મીડિયા કોકન્વેનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે સૌ પ્રથમ આ અન્યાય સામે અવાજ ઉઠાવીને અંબાજી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રતિનિધિ મંડળને સાથે રાખીને આવેદન પત્ર આપ્યું હતું અને મોહનથાળ પ્રસાદ ચાલુ નહિ થાય તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ આપી હતી સાથે જ આદિવાસી બહેનોને તેમની રોજગારી પાછી મળશે તેવી ખાતરી પણ આપી હતી. સનાતનધર્મીઓની આસ્થાને ઠેસ પહોંચાડતો નિર્ણય એટલે મોહનથાળ પ્રસાદ બંધ કરવાનો નિર્ણય. આ નિર્ણયની જો ફેર વિચારણા ન કરવામાં આવે તો કોંગ્રેસ પક્ષ ધર્મપ્રેમી જનતાને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવા પણ તૈયાર હતો.

આજે જ્યારે સરકાર દ્વારા સુખદ નિર્ણય લેવામાં આવ્યો છે અને સરકારે પીછેહટ કરીને સનાતન ધર્મીઓની આસ્થાને ઠેસ પહોંચાડતો નિર્ણય પાછો ખેંચીને મોહનથાળ પ્રસાદ ચાલુ કર્યો છે ત્યારે આ જીત સર્વે ગુજરાતની જનતાની, ધાર્મિક સંસ્થાનોની અને સર્વે સનાતન ધર્મ પ્રેમીઓની છે.

જય અંબે...

હેમાંગ રાવલ

મીડીયા કો-કન્વીનર, પ્રવક્તા

મો. ૯૮૯૮૨૩૩૦૩૮

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારોએ સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી નિમિતે સોસાયટીના વિકાસમાં સહભાગી બનનારા રાજકોટના મેયર ડો. પ્રદીપ ડવ અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલની શુભેચ્છા મુલાકાતલીધી



૧૯૭૨માં સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. હાલ ૨૦૨૩માં તેનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહી છે. આ હાઉસીંગ સોસાયટીના વિકાસના કર્યોમાં હંમેશા મદદરૂપ થનાર રાજકોટના મેયર ડો.પ્રદીપ ડવ અને સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત તાજેતરમાં સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ કે ડોડીયા, સહમંત્રી શ્રી અજયસિંહ ભાઈ પરમાર અને સહમંત્રીશ્રી રમેશ સભાયા , કારોબારી સભ્યશ્રી જીતેશ એમ. પંડિત તેમજ સોસાયટીના સિનિયર મેમ્બર અને પથદર્શક એવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઈજનેર શ્રી ડી. પી. ત્રિવેદી સાહેબે લીધેલ. આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કૉ ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના મનપાને લગતા તમામ વિકાસના કામોમાં હંમેશા હકારાત્મક વલણ અપનાવીને સહયોગી બનનારા રાજકોટના મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ હરીભાઈ પટેલ, શહેર ભાજપના મંત્રી શ્રી વિક્રમભાઈ પૂજારા તેમજ વોર્ડ નં-૯નાં તમામ કોર્પોરેટરનો સોસાયટીના હોદ્દેદારો દ્વારા આભાર માનવામાં આવેલ.

### ગુજરાતના વધુ એક મંદિરનો તઘલખી નિર્ણય,

# પાવાગઢમાં હવે નારિયેળ નહિ વધેરી શકાય

પાવાગઢ,તા.૧૪

અંબાજી બાદ વધુ એક મંદિરમાં પ્રસાદનો વિવાદ વકર્યો છે. ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલ પાવાગઢ મંદિરમાં નાળિયેરના પ્રસાદને લઈ વિવાદ શરૂ થયો છે. પાવાગઢ મંદિરમાં નાળિયેર વધેરવા પર પ્રતિબંધ મૂકાયો છે. સાથે જ મંદિરમાં છોલેલું નાળિયેર લાવવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. આખું નાળિયેર માતાજીને ધરાવી ઘરે લઈ જવાનું ફરમાન મંદિર ટ્રસ્ટ દ્વારા કરાયું છે. પાવાગઢ મંદિરના રસ્તે જો કોઈ વેપારી છોલેલુ નાળિયેર વેચશે તો દંડ થશે. પાવાગઢ મંદિર ટ્રસ્ટે આ નિર્ણય જાહેર કર્યો છે. ત્યારે પાવાગઢ મંદિર ટ્રસ્ટના નિર્ણયથી ભક્તોમાં રોષ જોવા મળ્યો છે. સાથે જ મંદિર ટ્રર્સ્ટના નિર્ણયથી ભકતો અને વેપારીઓમાં વ્યાપક અસંતોષ ફેલાયો છે.

અંબાજી મંદિર બાદ પાવાગઢ મંદિર ટ્રસ્ટે એક તઘલગી નિર્ણય લીધો છે. અંબાજી બાદ હવે શક્તિપીઠ પાવાગઢ ખાતે પણ શ્રદ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચે તેવો નિર્ણય કરાયો છે. મંદિરમાં છોલેલું નાળિયેર લાવવા પર પ્રતિબંધ મુકાયો છે. તો સાથે જ છોલ્યા વિનાનું આખું નાળિયેર માતાજીને ધરાવી ઘરે લઈ જવાનું ફરમાન કરાયું છે. સ્વચ્છતાનું બહાનું કરી મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિર્ણયો લેવાયો હોવાનું કહેવાય છે. વેપારીઓ પણ જો છોલેલું નાળિયેર વેચશે તો દંડનીય કાર્યવાહી કરવાની જાહેરાત ટ્રસ્ટ દ્વારા કરાઈ. આ નિર્ણય આજથી જ પાવાગઢ મંદિરમા અમલી બનશે. મંદિરના ટ્રસ્ટીઓએ વોટ્સએપ નોટ દ્વારા આ નિર્ણય જાહેર કર્યો છે. જેથી સ્થાનિક વેપારીઓ અને શ્રદ્ધાળુઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. નવા ટ્રસ્ટી મંડળની રચના બાદ લેવાયેલા નિર્ણયોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે.

શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ પાવાગઢ દ્વારા અગત્યની જાહેરાત તેમજ તાત્કાલિક અમલમાં મુકવા માટેની સૂચના અપાઈ છે. જે મુજબ, આજ તારીખ ૧૪/ ૩ / ૨૩ ના રોજ મંદિર ટ્રસ્ટ દ્વારા અગત્યની સૂચના આપવામાં આવે છે કે

૧. તારીખ ૨૦ ૩ ૨૩ ને સોમવારથી કોઈપણ વ્યક્તિ છોલેલું શ્રીફળ મંદિરમાં લાવી શકાશે નહીં.

૨. મંદિરમાં શ્રીફળ પોતે જ માતાજીને ધરાવી ચૂંદણી સાથે ઘરે લઈ જવાનું રહેશે .

૩. ઘરે લઈ ગયા પછી આ શ્રીફળ ચુંદડીમાં બાંધી આપ મંદિરમાં પૂજામાં મૂકી રાખો તેવો આગ્રહ છે. અથવા ઘરે જઈને પાણીયારે મૂકી પછી તેનો પ્રસાદ કરી આપ સૌને વહેંચી શકો છો.

૪. જે વેપારીઓ પાસે થી છોલેલું શ્રીફળ મળશે તેઓની સામે પવિત્ર સ્થાન માં સ્વચ્છતા રાખવા માં સહકાર નહિ આપવા તથા ગંદકી કરવા બદલ સરકારશ્રી ના સંબંધિત અધિકારી દ્વારા નિયમોનુસાર દંડનીય કાર્યવાહી કરવામાં આવશે .

૫. મંદિર ટ્રસ્ટના સિક્યુરિટી ગાર્ડ શક્તિ દ્વારથી એટલે કે દુધિયા તળાવથી ચેક કરશે અને છોલેલું શ્રીફળ ઉપર લાવવા દેશે નહીં જેની નોંધ સર્વ વેપારી અને માઈ ભક્તોને લેવા વિનંતી.

૬. સિક્યુરિટી સાથે તકરાર કરનાર સામે પોલીસ ફરિયાદ કરવામાં આવશે.

બેંક-એટીએમમાંથી રૂપિયા કાઢીને રીક્ષામાં બેસતા પહેલા સાવધાન, નહિ તો થઈ શકે છે આવું

ગુજરાતમાં અંબાજી મંદિરનો મોહનથાળ હાલમાં ટોક ઓફ ધી ટાઉન છે. અંબાજી મંદિરમાં મોહનથાળની પ્રસાદ બંધ કરીને ફરજિયાત રીતે ચિક્કીનો પ્રસાદ શરૂ કરાયો છે. આ ચીકી માત્ર ૮થી ૧૦ રૂપિયામાં પડતર કિંમતની હોવા છત્તા શ્રધ્ધાળુઓ પાસેથી ૨૫ રૂપિયાની ઉઘાડી લૂંટ થઈ રહી છે. આ મુદ્દો ચારેકોર ગાજી રહ્યો છે. લોકો આક્રોશ સાથે કહે છે કે, મા અંબાને વર્ષોથી જે મોહનથાળનો પ્રસાદ ચઢાવાય છે એ પ્રસાદનું ઘણુ જ મહત્વ છે. અમારી આસ્થા જોડાયેલી છે. અમે લોકોએ કે અન્ય કોઈએ પણ પ્રસાદી બદલવાની માગણી કરી નહોતી. આમ છતાં મોહનથાળને બંધ કરીને ચિક્કીનો પ્રસાદ ચાલુ કરીને પ્રસાદીનું પણ વ્યાપારીકરણ કરાઈ રહ્યું છે. લોકોની લાગણી વચ્ચે વાત એવી વહેતી થઈ છે કે, કોઈ મંત્રી કે નેતાના નજીકના વ્યક્તિને ફાયદો કરાવવા ચીક્કીનો પ્રસાદ લવાયો છે.



બદલાતા સમયમા નવા પડકારો ને પહોંચી વળવા ગ્રાહક સુસજ્જ બને સમગ્ર જગતમા ૧૫ માર્ચના દિવસને વિશ્વ ગ્રાહક અધિકાર તરીકે મનાવવામા આવે છે. અમેરીકાના રાષ્ટ્રપતિ જોહ્ન એફ. કેનેડી ગ્રાહકોના હક વિશે વાત કરનાર વિશ્વના સૌ પ્રથમ નેતા હતા. આ દિવસની ઉજવણી માટે પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે તારીખ ૧૩-૦૩-૨૦૨૩ ના રોજ એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અંતર્ગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર (ઢન્જીઇ) ના સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ (ન્ફ) શ્રી અનિલ કક્કડ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી પોતાનુ વક્તવ્ય રજુ કરતા તેઓએ ગ્રાહકોના સલામતી, ઉપલબ્ધ સેવાઓ, શિક્ષણ, સુનાવણી અને ન્યાય માટેના મૂળભૂત અધિકારો ની વૈશ્વિક કક્ષા એ આકાર લઇ રહેલા બનાવો ટાંકી દાખલા, ઉદાહરણો અને ચોક્કસ વિગતો સાથે સમજુતી આપી હતી .

વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે સને ૨૦૨૩ ના વર્ષ માટે આંતર રાષ્ટ્રીય સ્તરેથી " સ્વચ્છ ઉર્જા સંક્રમણો દ્વારા ગ્રાહકોને સશક્તિકરણ " વિષય ઉપર થીમ નક્કી કરવામા આવેલ છે. સમગ્ર વિશ્વમા આજે ઉર્જા ની માંગમા પ્રતિદિન વધારો થઇ રહેલ છે. જેના પરિણામે વધતુ જતુ વીજળી બીલ, બળતણ તરીકે વપરાતા કોલસા નુ પ્રમાણ અને ફલસ્વરૂપ પર્યાવરણ ઉપર થતી માઠી અસરો સામે આજનો ગ્રાહક સક્રીય બની આ વિષય ને લગતી નીતિઓમા સહયોગી બને અને તેમા પોતાની હિસ્સેદારી નોંધાવવા માટે સુસજ્જ બને તેવી આંતર રાષ્ટ્રીય કક્ષાએથી ગ્રાહક પાસેથી અપેક્ષાઓ સેવવામા આવી રહી છે . સેમિનારની સફળતા માટે કોલેજ ના આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરી અને પ્રોફેસર મીના વ્યાસ દ્વારા સાકારાત્મક પ્રયાસો કરવામા આવ્યા હતા.

# પાટણઃ મોટાભાઈના મોતની ખબરના ૩૦ મિનિટમાં જ નાનાભાઈએ પણ આઘાતમાં જીવ છોડ્યો

પાટણ,તા.૧૪

ન જાણ્યું જાનકી નાથે કે કાલે સવારે શું થવાનું છે. પાટણમાંથી કાળજુ કંપાવી નાખતી એક ઘટના બની છે. જેમાં નાનો ભાઈ મોટાભાઈની જુદાઈ ન જીરવી શક્યો. મોટાભાઈનું હૃદયરોગના હુમલાથી મોત થયું અને મોતના સમાચાર સાંભળતા ૩૦ મિનિટમાં જ નાના ભાઈએ પણ પ્રાણ છોડી દીધા.પાટણના લોટેશ્વરમાં રહેતા પટેલ પરિવારમાં બે સગા ભાઈઓનાં મોત થયા છે અને બંનેની એક સાથે અર્થી ઉઠી છે. લોટેશ્વરમાં રહેતા અરવિંદ પટેલ બેંકમાં ચેક ભરવા ગયા હતા અને બહાર આવીને ખુરશી પર બેઠા હતા. બાદમાં ઉભા થઈ ચાલતા ચાલતા રોડ પર જ ઢળી પડ્યા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી પણ પણ કેદ થઈ હતી. જોકે, અરવિંદ પટેલને હોસ્પિટલ લઈ જતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મોટાભાઈ અરવિંદના મોતના સમચારા સાંભળી નાના ભાઈ દિનેશ પટેલ દુકાનથી ઘરે આવ્યા હતા અને પરિવારને આશ્વાસન આપી રહ્યા હતા કે કોઈ હિંમત ન હારતા બધુ સારું થઈ જશે, પણ તેવામાં દિનેશભાઈને પણ ગભરામણ થતા તેઓ પણ ઢળી પડ્યા હતા.

જેથી તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. પટેલ પરિવારમાં મોટભાઈના મૃતદેહને હોસ્પિટલથી ઘરે લવાયો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4